RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 135 Dt. 08-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# SIR મુદ્દે કાલે સંસદમાં ઘમાસાણ

## મતદાર સુધારણા પ્રક્રિયામાં ગોટાળાના આરોપો, ચૂંટણી પંચની નિષ્પક્ષતા અને વ્યાપક ચૂંટણી સુધારાઓ પર કેન્દ્રિત હશે

નવીદિલ્હી, તા. ૭

મંગળવાર, ૯ ડિસેમ્બરે, સંસદના શિયાળુ સત્ર દરમિયાન, લોકસભા ચૂંટણી સુધારાઓ અને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સંબંધિત મતદાનમાં ગોટાળાના આરોપો પર ચર્ચા કરશે. આ માટે ૧૦ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે. ચૂંટણી સુધારાઓ અને મતદાનમાં ગોટાળા પર ચર્ચા માટે ૧૦ કોંગ્રેસના વક્તાઓની કામચલાઉ યાદી બહાર પાડવામાં આવી છે. રાહુલ ગાંધી આ ચર્ચામાં વિરોધ પક્ષના નેતા તરીકે ભાગ લેશે. કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ જવાબ આપશે. આ ચર્ચા જીંઈછ પ્રક્રિયામાં મતદાનમાં ગોટાળાના આરોપો, ચૂંટણી પંચની નિષ્પક્ષતા અને વ્યાપક ચૂંટણી સુધારાઓ પર કેન્દ્રિત હશે. કોંગ્રેસ સહિત અનેક વિરોધ પક્ષોએ આને રાષ્ટ્રીય કટોકટી ગણાવી છે. ચર્ચા માટે કુલ ૧૦ કલાક ફાળવવામાં આવ્યા છે, જેમાં શાસક પક્ષ અને વિપક્ષ માટે સમાન સમય છે. આ નિર્ણય બિઝનેસ એડવાઈઝરી કાઉન્સિલ (BAC) ની બેઠકમાં લેવામાં આવ્યો હતો. કોંગ્રેસે તેના સાંસદોને ચૂંટણી સુધારાઓ અને મતદાનમાં ગોટાળાની ચર્ચા કરવા માટે ૮ થી ૧૦ ડિસેમ્બર સુધી ગૃહમાં હાજર રહેવા નિર્દેશ આપ્યો છે. SIR મુદ્દાએ તાજેતરમાં ગૃહમાં નોંધપાત્ર હોબાળો મચાવ્યો છે.



SIRs સંબંધિત ચૂંટણી સુધારા અને મત ચોરીના મુદ્દાએ તાજેતરમાં ગૃહમાં ભારે હોબાળો મચાવ્યો હતો. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર ચૂંટણી સુધારા પર વ્યાપક ચર્ચા માટે તૈયાર છે. આ પછી, BAC ની બેઠક મળી, જ્યાં ચર્ચા માટે ૯ ડિસેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી, અને સમય પણ ફાળવવામાં આવ્યો. શિયાળુ સત્ર પહેલા યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં SIR મુદ્દો પ્રભુત્વ ધરાવતો હતો. વિરોધ પક્ષોએ SIRs અને ઈક્ઘત ની આત્મહત્યા પર ચિંતા વ્યક્ત કરી અને સંસદમાં આ મુદ્દા પર ચર્ચાની માંગ કરી.

તમામ વિરોધ પક્ષોએ સર્વાનુમતે જણાવ્યું હતું કે ઈક્ઘત આત્મહત્યા કરી રહ્યા છે અને લોકોને મતદાર યાદીમાંથી કાઢી નાખવાનો ભય છે. કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ જણાવ્યું હતું કે તે મત ચોરી નહીં, પરંતુ મત લૂંટ છે.

સરકારે જણાવ્યું હતું કે તે ચર્ચા માટે તૈયાર છે, પરંતુ વિપક્ષ સમયરેખા નક્કી કરી શક્યો નથી. જો કે, હવે સમયરેખા નક્કી કરવામાં આવી છે. લોકસભા ૮ ડિસેમ્બરે વંદે માતરમ અને ૯ ડિસેમ્બરે ચૂંટણી સુધારા પર ચર્ચા કરશે. શિયાળુ સત્ર શરૂ થતાં જ વિપક્ષે પોતાનો એજન્ડા અને વલણ સ્પષ્ટ કર્યું. અંદર અને બહારનો માહોલ ચોમાસા સત્ર જેવો જ હતો. સંસદ શરૂ થાય તે પહેલાં, વિપક્ષી સાંસદો સંસદના મકર ગેટ પર એકઠા થયા હતા, તેઓ ""STOP SIR, STOP Vote Theft"" લખેલા પ્લેકાર્ડ અને બેનરો લઈને ""STOP Vote Theft"" જેવા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી મંગળવારે લોકસભામાં ચૂંટણી સુધારા અને મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર વિપક્ષની ચર્ચાનું નેતૃત્વ કરશે, તેથી સંસદમાં હાઈ-વોલ્ટેજ ચર્ચા માટે સ્ટેજ તૈયાર છે. કોંગ્રેસના અન્ય વક્તાઓમાં મહાસચિવ (સંગઠન) કેસી વેણુગોપાલ, મનીષ તિવારી, વર્ષા ગાયકવાડ, મોહમ્મદ જાવેદ, ઉજ્જવલ રમણ સિંહ, ઈશા ખાન ચૌધરી, મલ્લુ રવિ, ઈમરાન મસૂદ, ગોવલ પદવી અને જોતિમણિનો સમાવેશ થાય છે.

### ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સની મોટી કાર્યવાહી

# ૭૦૦ કરોડના સાઈબર ફ્રોડમાં ૨૧ની ધરપકડ

## આરોપીઓ દુબથી નાણાં ચીન મોકલતા હતાં. ત્યાંથી ક્રિપ્ટોમાં ટ્રાન્સફર કરતા હતાં : 3 બેંક કર્મીઓ પણ પકડાયા

અમદાવાદ, તા. ૭

સમગ્ર દેશમાં સાયબર ફ્રોડના બનાવોમાં વધારો થયો છે. સાયબર ફ્રોડની ઘટનાઓને રોકવા માટે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની રચના કરવામાં આવી છે. ત્યારે આ સેન્ટર દ્વારા અલગ અલગ સાયબર ફ્રોડ કેસમાં ૨૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ,મ્યાનમાર સ્લેવરી રેકેટ સહિતના કેસોમાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતમાં સાયબર ફ્રોડના બનાવો રોકવા માટે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની રચના કરવામાં આવી છે. જેના થકી સાયબર ફ્રોડ કરનારી ટોળકી સુધી પોલીસ પહોંચી છે અને આરોપીઓને પકડીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા અલગ અલગ સાયબર ફ્રોડ કેસમાં ૨૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ભાવનગર અને રાજકોટમાંથી સૌથી વધુ આરોપીઓ પકડાયા છે. ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ,મ્યાનમાર સ્લેવરી રેકેટ સહિતના કેસોમાં કાર્યવાહી કરવામાં આવી છે. આ સેન્ટર દ્વારા સાયબર ફ્રોડના કેસોમાં ખાનગી બેંકના ત્રણ કર્મચારીઓની પણ ધરપકડ કરાઈ છે. ૭૦૦ કરોડના સાયબર ફ્રોડના કેસમાં ૨૧ આરોપીઓ ઝડપાયા છે. આ આરોપીઓ દુબથી નાણાં ચીન મોકલતા હતાં. ત્યાંથી ક્રિપ્ટોમાં ટ્રાન્સફર કરતા હતાં.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના અધિકારીઓએ જણાવ્યું હતું કે પુરોહિતે ૧૨૬ થી વધુ સબ-એજન્ટોનું ''મેનેજમેન્ટ'' કર્યું હોવાનો અંદાજ છે, જે બદલામાં 30 થી વધુ પાકિસ્તાની એજન્ટો સાથે સંપર્કમાં હતા, અને આ નેટવર્કમાં ૧૦૦ થી વધુ ચીની અને વિદેશી કંપનીઓ સામેલ હતી જે આ સાયબર ગુલામોનું શોષણ કરવા માંગતી હતી. કેન્દ્રના જણાવ્યા અનુસાર, ગુજરાતના ઓછામાં ઓછા ૨૨ યુવાનોને પુરોહિત દ્વારા ભારતમાંથી સીધી ભરતી કરવામાં આવી હતી. બાકીના, ગુજરાત અને અન્ય રાજ્યો તેમજ અન્ય દેશોના, ''ખૂબ લાંબી'' એક્સેલ શીટ દ્વારા એક પછી એક પુષ્ટિ કરવામાં આવી રહી છે.

ગુજરાત પોલીસે રાજ્યમાં નોંધાયેલા બે કેસોમાં છ લોકોની ધરપકડ પણ કરી છે જે તેઓ કહે છે કે પુરોહિતના સબ-એજન્ટ હતા.

પીડિતોને જે સાયબર ગુનાઓમાં ફરજ પાડવામાં આવી હતી તેમાં ફિશિંગ, ક્રિપ્ટો કૌભાંડો, પોન્ઝી યોજનાઓ અને ડેટિંગ એપ્લિકેશન છેતરપિંડીનો સમાવેશ થાય છે, જ્યાં તેઓ શંકાસ્પદ લક્ષ્યોને બોલાવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, જે લોકોએ પ્રતિકાર કર્યો હતો તેમને શારીરિક અને માનસિક ત્રાસનો સામનો કરવો પડ્યો હતો. પોલીસ કહે છે કે ઘણા પીડિતો એટલા આઘાતમાં છે કે તેઓ ત્રૅંઈછ નોંધાવવા માટે પણ આગળ આવ્યા નથી, તેથી જ મોટાભાગના કિસ્સાઓમાં, પોલીસ અધિકારીઓએ રાજ્ય વતી પુરોહિત અને અન્ય એજન્ટો સામે ફરિયાદો નોંધાવી છે.

૨૯ વર્ષીય વ્યક્તિએ પોતાની ડિજિટલ ઓળખ ''ઘોસ્ટ'' નો ઉપયોગ કરીને પોતાના ટ્રેક્સ ખૂબ જ છુપાવ્યા હતા, પરંતુ અહેવાલ મુજબ સબ-એજન્ટો દ્વારા તેને શોધી કાઢવામાં આવ્યો હતો, જેના કારણે તે ભારતથી ભાગી જવાની તૈયારીમાં હતો ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાત પોલીસ કહે છે કે જ્યારે તેમને પુરોહિત વિશે સૂચનાઓ મળવા લાગી, ત્યારે તેઓ અનેક સ્થળોએથી આવવા લાગ્યા. ૫ નવેમ્બરના રોજ, પુરોહિતના કથિત સબ-એજન્ટ, પોરબંદરના હિતેશ અર્જન સોમૈયા, પોલીસ દ્વારા ૧૨ યુવાનોને મ્યાનમારમાં તસ્કરી કરવાના આરોપમાં પકડાયો હતો. ૧૩ નવેમ્બરના રોજ, જૂનાગઢમાં ત્રણ પીડિતોના નિવેદનોના આધારે, પોલીસે બીજા સબ-એજન્ટ, સોનલ ફાલદુની ધરપકડ કરી.

# ૭ વર્ષ બાદ

# નેક્સેસ મુદ્દે મનપા હાઈકોર્ટના એડવોકેટનો લેશે અભિપ્રાય

## કોંગી આગેવાનોનો આક્ષેપ ટાઉન પ્લાનિંગ વિભાગ જવાબદારીમાંથી ખસવા હાઈકોર્ટના વકીલનો અભિપ્રાય લેવા મુદ્દો કર્યો છે ટ્રાન્સફર

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ જે પણ ગામ કરવામાં આવી રહ્યા છે તેનાથી ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે એટલું જ નહીં જે પણ યોજનાઓની અમલવારી કરવામાં આવતી હોય તેમાં યોગ્ય કામગીરી ન થતાં ઘણા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે. તેમાં પણ જ્યારે મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગની જો વાત કરવામાં આવે તો તો અરજદારો જાણે તોબા પોકારી ઊઠ્યા હોય તેવું જણાવ્યું છે. માધાપર ચોકડી પાસે આવેલા નેક્સેસ બિલ્ડીંગ જે સંપૂર્ણ ગેરકાયદેસર છે જેને સુપ્રીમ કોર્ટે પણ સીલ કરવા જણાવ્યું હતું છતાં આજે પણ આ કોમર્શિયલ બિલ્ડીંગ યથાવત રીતે ચાલી રહ્યું છે. એટલું જ નહીં આ કોમર્શિયલ એપાર્ટમેન્ટમાં અનેક નામની અનામી બ્રાન્ડ પોતાના શોરૂમ ખડકી દીધા છે છતાં પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. ટાઉન પ્લાનિંગ વિભાગ આ બાબતે સતત ખો આપતું જણાઈ રહ્યું છે. આ બાબતે કોંગ્રેસના આગેવાન સંજય લાખાણી તથા કૃષ્ણદત રાવલ દ્વારા જે લડત આપવામાં આવી છે છતાં પણ હાલના ટીપીઓ તથા સીલીંગ અધિકારી દ્વારા કોઈ યોગ્ય નિર્ણય અથવા તો ઉકેલ લાવવામાં આવતો નથી કામગીરી કરીશું તેવા વાયદાઓ જ આપવામાં આવી રહ્યા છે. ત્યારે ટાઉન પ્લાનિંગ વિભાગ જવાબદારીમાંથી ખસવા આ અંગે ગુજરાત હાઈકોર્ટના વકીલનો અભિપ્રાય લેવા આ મુદ્દો ટ્રાન્સફર કર્યો છે. જેમાં અભિપ્રાય એ મુદ્દે લેવાશે કે સુપ્રીમ કોર્ટના નિર્ણયનું પાલન કરવું કે જીડીસીઆરના નિયમો અનુસરવા.

ગુજરાત હાઈકોર્ટના જાણીતા વકીલ હેમંત મુનશોને ટ્રાન્સફર કર્યો છે . તેમના પિતા ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ હતા. તેમણે પૂછ્યું કે શું તેમણે GDCR માટે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર, કોઈપણ ગેરકાયદેસર મિલકતને સીલ કરવી જોઈએ, પછી તોડી પાડવી જોઈએ અને પછી કાગળો આપવા જોઈએ. જ્યારે GDCR હેઠળ, કોઈપણ બાંધકામ પૂર્ણ થઈ જાય અને ઉપયોગમાં લેવાય, પછી દંડ લાદવો જોઈએ અને મિલકતને નિયમિત



કરવી જોઈએ. છ મહિના પછી, TPO એ ગુજરાત હાઈકોર્ટમાં તેમના પેનલ વકીલ પાસેથી કાનૂની સલાહ લેવાનું નક્કી કર્યું.

મહાનગરપાલિકા માટે આંખ ઉઘાડનાર ઘણી ઘણી ઘટનાઓ ઘટી છે છતાં તેમાંથી જે બોધપાઠ મનપાએ લેવો જોઈએ તે હજુ સુધી લેવામાં આવ્યો નથી. માધાપર ચોકડી પાસેના ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગની જો વાત કરવામાં આવે તો અત્યંત રસપ્રદ છે કારણ કે આ બિલ્ડિંગને સીલ કરવાનો આદેશ મ્યુનિસિપલ કમિશનર દ્વારા તો આપી દેવામાં આવ્યો છતાં તેની અમલવારી આજ દિન સુધી શક્ય બની નથી ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે કંઈક તો ખીચડી રંધાય છે. તત્કાલીન ઇન્ચાર્જ ટીપીઓ કિરણ સુમરા ની બદલી થઈ ગઈ તેઓ પણ કહેતા હતા કે હવે આ કેસનો નિવેડો લાવી દેવામાં આવશે વિભાગમાં ફરજ બજાવતા હેતલ સોરઠીયા એ પણ અનેક ચોકલેટ આ કેસ બાબતે આપી હોવાનું કોંગી આગેવાનો જણાવી રહ્યા છે .

આ બાબતે કોંગી આગેવાનો દ્વારા સીલીંગ અધિકારીને મળવાનો પણ અનેક વખત પ્રયત્ન કર્યો છતાં તેમના દ્વારા ઉદ્ધતાએ ભર્યું વર્તન કરવામાં આવ્યું હતું અને કહ્યું કે જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરી દો જે બાદ ટાઉન પ્લાનિંગ અધિકારીને લેખિત ફરિયાદ આગેવાનો દ્વારા નોંધાવવામાં આવી હતી પરંતુ પ્રશ્ન એ છે કે આટલા કડક નિર્દેશો અને આદેશ આપી દેવામાં આવ્યા હોય તો કેમ ટાઉન પ્લાનિંગ વિભાગ નેક્સેસ બિલ્ડીંગને સીલ કરતું નથી એવું તો ક્યુ કારણ અવરોધ બને છે. રાજકોટ ખાતે આવેલા માધાપર ચોકડી પાસેના ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગ કે જે બાકીર ગાંધી દ્વારા ઊભું કરાયું છે. આ પ્રોજેક્ટને સીલ કરવા માટેનો આદેશ મ્યુ. કમિશનર દ્વારા કરવામાં આવ્યો છતાં આજે પણ આ અંગે કોઈ યોગ્ય નિવેડો આવ્યો નથી. મળતી માહિતી મુજબ ૨૫ મીટર ઉપરથી હોવાના કારણે તે સત્તા ટીપી વિભાગ પાસે છે હાલ આ કામગીરી કરવામાં પણ અત્યારે સીટી એન્જિનિયર અને ટીપીઓ જાણે લાલિયા વાડી ચલાવતા હોય તેવી રીતે કામગીરી કરવામાં આવી રહી છે.

# પ્રદૂષણે ખોરાકનો છીનવ્યો સ્વાદ

## બગડતી હવાની ગુણવત્તા માત્ર શ્વસન સમસ્યાઓ જ નહીં પરંતુ આપણી ખાવાની આદતોને પણ અસર કરે છે

રાજકોટ, તા. ૭

દેશના ઘણા ભાગોમાં છેલ્લા કેટલાક સમયથી વાયુ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. વધતા પ્રદૂષણ લોકોના રોજિંદા જીવનને અસર કરી રહ્યું છે. બગડતી હવાની ગુણવત્તા માત્ર શ્વસન સમસ્યાઓ જ નહીં પરંતુ આપણી ખાવાની આદતોને પણ અસર કરે છે. પ્રદૂષણમાં રહેલા હાનિકારક તત્વો શરીરની કુદરતી પ્રક્રિયાઓને વિક્ષેપિત કરે છે, જેના કારણે વિવિધ પ્રકારની આહાર સમસ્યાઓ થાય છે. પ્રદૂષિત દિવસોમાં, લોકોને ઘણીવાર ખોરાક ઓછો ભૂખ લાગે છે, જેનાથી તેમનો આનંદ અને ભૂખ બંને ઓછી થાય છે. વધુમાં, ભૂખ ઓછી લાગે છે, અને જ્યારે પેટ ખાલી હોય છે, ત્યારે પણ ખાવાની ઈચ્છાનો અભાવ હોય છે, જેના કારણે ઉર્જાનો અભાવ થાય છે. ઘણા લોકો આ સમય દરમિયાન, ખાસ કરીને સવારે અથવા બહારની પ્રવૃત્તિઓથી પાછા ફરતી વખતે ઉબકા કે ઉબકાનો અનુભવ પણ કરે છે. એકંદરે, વાયુ પ્રદૂષણ આપણા ખાવા-પીવાના અનુભવોને અસર કરે છે અને શરીર પર વધુ તાણ લાવે છે.

ઝડપથી વધતું વાયુ પ્રદૂષણ ફક્ત આપણા શ્વાસ અને ફેફસાંને જ અસર કરતું નથી, પરંતુ ધીમે ધીમે આપણી ખાવાની આદતોમાં પણ ફેરફાર કરે છે. પ્રદૂષણમાં હાજર ડ્ઢખ્ર.૫, ધુમાડો અને રસાયણો શરીરમાં પ્રવેશ કરે છે અને નાક, ગળા અને પાચનતંત્રને અસર કરે છે. જ્યારે નાકની ગંધની ભાવના નબળી પડી જાય છે, ત્યારે ખોરાકની સુગંધ ઓછી દેખાય છે, અને તેના કારણે ખોરાકનો સ્વાદ મંદ પડે છે. વધુમાં,



પ્રદૂષિત હવા પેટ અને આંતરડામાં બળતરા વધારે છે. આ પાચન પ્રક્રિયાને ધીમી કરે છે, જેના કારણે ભૂખ ઓછી લાગે છે અથવા ભૂખનો અભાવ થાય છે. લાંબા સમય સુધી આના સંપર્કમાં રહેવાથી ઊર્જા અને પોષણનો અભાવ થઈ શકે છે. પ્રદૂષણને કારણે શરીરમાં એકઠા થયેલા હાનિકારક કણો મગજને ઉલટી અથવા ભારેપણુંના સંકેતો મોકલે છે, જેનાથી ઉબકા અને ઉલટી વધે છે. પ્રદૂષણ શરીરની કુદરતી પ્રક્રિયાઓને વિક્ષેપિત કરે છે અને ખોરાક સંબંધિત ઘણી અગવડતાઓનું કારણ બને છે.

પ્રદૂષણ આપણા આંતરડાના માઈક્રોબાયોમ, આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયાને સીધી અસર કરે છે. આ બેક્ટેરિયા પાચન, રોગપ્રતિકારક શક્તિ અને સમગ્ર આંતરડા-મગજ પ્રણાલીને નિયંત્રિત કરે છે. જ્યારે આપણે ધુમાડો, સૂક્ષ્મ કણો અને પ્રદૂષિત હવામાં રહેલા હાનિકારક તત્વો શ્વાસમાં લઈએ છીએ, ત્યારે તે ધીમે ધીમે આંતરડામાં પહોંચે છે. આના કારણે સારા બેક્ટેરિયાની સંખ્યા ઓછી થાય છે અને ખરાબ બેક્ટેરિયાની સંખ્યા વધે છે. આ અસંતુલનને આંતરડાનું ડિસબાયોસિસ કહેવામાં આવે છે.

આ સ્થિતિ નબળી પાચન, ભૂખ ઓછી લાગવી અને પેટમાં ભારેપણું અથવા અગવડતાની લાગણી તરફ દોરી જાય છે. આંતરડા અને મગજ વચ્ચે સીધા જોડાણને કારણે, આ અસંતુલન મૂડ, ઉર્જા અને ઉબકા જેવા લક્ષણો તરફ દોરી શકે છે. તેથી, પ્રદૂષણ આંતરડાના સ્વાસ્થ્ય પર ઊંડી અસર કરે છે.



# અસ્થમાથી પેટ - આંતરડાને નુકસાન

## પ્રદૂષણમાં રહેલા નાના કણો પેટમાં પ્રવેશયા બાદ આંતરડામાં બળતરા પેદા કરે છે

રાજકોટ, તા. ૭

અસ્થમા એક ખતરનાક શ્વસન રોગ છે. સામાન્ય ગેરસમજ એ છે કે તે ફક્ત ફેફસાંને અસર કરે છે, પરંતુ આ સાચું નથી. અસ્થમા પેટ અને આંતરડાને પણ નુકસાન પહોંચાડે છે. ખાસ કરીને જ્યારે પ્રદૂષણ વધે છે, ત્યારે અસ્થમાના દર્દીઓને પેટ સંબંધિત સમસ્યાઓ પણ થાય છે. ડોકટરો આને ''અસ્થમા અને આંતરડાનું જોડાણ'' કહે છે. તેથી જ ડોકટરો પ્રદૂષણના આ સમયમાં અસ્થમાના દર્દીઓને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યા છે.

ચાલો નિષ્ણાતો પાસેથી શીખીએ કે પ્રદૂષણ અસ્થમાના દર્દીઓમાં પેટની સમસ્યાઓ કેમ વધારે છે અને તેને કેવી રીતે અટકાવવી. દિલ્હીની સર ગંગા રામ



હોસ્પિટલના લિવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપેટો-બિલિયરી સર્જરી વિભાગના ડિરેક્ટર અને વડા ડો. ઉષાસ્ત ધીર સમજાવે છે કે ઘણા અસ્થમાના દર્દીઓ નાકને બદલે મોં દ્વારા શ્વાસ લે છે. પરિણામે, પ્રદૂષણમાં રહેલા નાના કણો પેટમાં પ્રવેશ કરે છે અને આંતરડામાં બળતરા પેદા કરે છે. આનાથી કબજિયાત, એસિડિટી અને ઈંઈજ જેવી સમસ્યાઓ થાય છે. જેમને પહેલાથી જ આ સમસ્યાઓ છે તેઓ આ સમસ્યાઓથી વધુ વકરી જાય છે.ડો. ધીર સમજાવે છે કે નાક દ્વારા શ્વાસ લેતી વખતે, પ્રદૂષિત હવા ફિલ્ટર થાય છે, પરંતુ મોં દ્વારા નહીં. આને કારણે, પ્રદૂષકો પેટમાં પ્રવેશ કરે છે અને બળતરા પેદા કરે છે. આનાથી આંતરડાના અસ્તરમાં બળતરા પણ વધે છે, જેના કારણે સમસ્યાઓ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, અસ્થમાના હુમલા દરમિયાન, શરીરને ઓછો ઓક્સિજન મળે છે, જેનાથી પાચન ધીમું થાય છે અને પેટ ભારે થાય છે. ડો. ધીર ઉમેરે છે કે ઘણા અસ્થમાના દર્દીઓ એસિડિટીથી પણ પીડાય છે. કેટલાકને હાર્ટબર્ન અને ખાટા ઓડકારનો પણ અનુભવ થાય છે. જ્યારે પ્રદૂષણ વધે છે, ત્યારે અસ્થમાના દર્દીઓમાં પેટની સમસ્યાઓ વધુ જોવા મળે છે. દરરોજ ઓપીડીમાં ઘણા દર્દીઓ આવે છે, જે પેટમાં દુખાવો, ઉલટી અને ઝાડાની ફરિયાદ કરે છે. આમાં, નોંધપાત્ર સંખ્યામાં એવા દર્દીઓ છે જેઓ પહેલાથી જ અસ્થમાથી પીડાતા હોય છે. ડો. ધીરના મતે, બાળકો, વૃદ્ધો અને અસ્થમાથી પીડાતી સ્ત્રીઓ આ સમસ્યાઓનો અનુભવ કરે છે. જ્યારે અસ્થમા એક શ્વસન રોગ છે, તેની અસરો ફક્ત ફેફસાં સુધી મર્યાદિત નથી. અસ્થમા પેટ અને આંતરડાને પણ નુકસાન પહોંચાડે છે. અસ્થમા પેટની સમસ્યાઓ કેવી રીતે પેદા કરે છે?

# કોલેસ્ટ્રોલનું સ્તર વધારતો શિયાળો

## ઠંડી ઋતુ આહાર, દિનચર્યાઓ અને શરીરના કાર્યોમાં ફેરફાર લાવે છે, જે સ્વાસ્થ્યને અસર કરે છે



રાજકોટ, તા. ૭

શિયાળાના આગમન સાથે, શરીરને વધુ કાળજી લેવાની જરૂર પડે છે. ઠંડીની ઋતુમાં લોકોની સ્વાસ્થ્ય દિનચર્યાઓ ઘણીવાર બદલાઈ જાય છે, જેના કારણે વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ વધે છે. આમાંથી એક કોલેસ્ટ્રોલનું સ્તર વધે છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે ચિંતાનું કારણ બની શકે છે. ઠંડી ઋતુ આહાર, દિનચર્યાઓ અને શરીરના કાર્યોમાં ફેરફાર લાવે છે, જે સ્વાસ્થ્યને અસર કરે છે. પરિણામે, શિયાળામાં કોલેસ્ટ્રોલ વધવાનું જોખમ વધે છે. ચાલો પહેલા શિયાળામાં કોલેસ્ટ્રોલ વધવાના લક્ષણોની શોધ કરીએ.

શિયાળામાં કોલેસ્ટ્રોલનું સ્તર વધે ત્યારે શરીર અનેક સંકેતો આપે છે. આમાં થાક, છાતીમાં ભારેપણું, જડતા અથવા સુસ્તી અને શ્વાસ લેવામાં તકલીફનો સમાવેશ થાય છે. ઘણા લોકો કસરત અથવા મધ્યમ શ્રમ પછી ઝડપથી થાક અનુભવે છે. કેટલાક કિસ્સાઓમાં, પગમાં દુખાવો, ગરદન અથવા ખભામાં જડતા અને માથામાં ભારેપણું અનુભવી શકાય છે. આ સંકેતો સૂચવે છે કે શરીરમાં ચરબી અને કોલેસ્ટ્રોલનું સ્તર વધી રહ્યું છે, અને તેને તાત્કાલિક નિયંત્રિત કરવું મહત્વપૂર્ણ છે. હવે ચાલો સમજીએ કે શિયાળામાં આ જોખમ કેમ વધે છે.

શિયાળામાં ઉચ્ચ કોલેસ્ટ્રોલનું જોખમ અનેક કારણોસર વધે છે. શરીર ઠંડીમાં ઉર્જા બચાવવાનો પ્રયાસ કરે છે, જે ચયાપચય ધીમો પાડે છે અને ચરબી બર્ન કરવાનું ઓછું કરે છે. વધુમાં, ઠંડા હવામાનને કારણે લોકો ઓછી હલનચલન કરે છે અને ઓછી કસરત કરે છે, જેના કારણે શરીરમાં ચરબીનો સંચય થાય છે. શિયાળામાં તળેલા, મીઠા અને ભારે ખોરાક જેવા ઉચ્ચ કેલરીવાળા ખોરાક વધુ વારંવાર ખાવામાં આવે છે, જે કોલેસ્ટ્રોલમાં વધારો કરે છે. વધુમાં, ઠંડા હવામાનમાં હોર્મોનલ ફેરફારો પણ થાય છે જે લીવરમાં કોલેસ્ટ્રોલના ઉત્પાદનને ઝડપી બનાવી શકે છે. સૂર્યપ્રકાશનો અભાવ વિટામિન ડી ઘટાડે છે, જે કોલેસ્ટ્રોલ સંતુલનને અસર કરે છે. શિયાળામાં કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવા માટે, હળવા, પૌષ્ટિક અને ફાઇબરયુક્ત ખોરાક ખાવા મહત્વપૂર્ણ છે. તમારા આહારમાં ઓટ્સ, પોર્રીજ અને મલ્ટિગ્રેન અનાજનો સમાવેશ કરો, કારણ કે આ ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે. બદામ અને અખરોટ જેવા બદામમાં સ્વસ્થ ચરબી હોય છે અને હૃદયના સ્વાસ્થ્યને મજબૂત બનાવે છે. ફ્લેક્સસીડ, ચિયા અને કોળાના બીજ ઓમેગા-૩ થી ભરપૂર હોય છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. લીલા શાકભાજી અને ફળો શરીરને એન્ટીઑકિસડન્ટો પૂરા પાડે છે અને લીવરના કાર્યમાં સુધારો કરે છે. ઓલિવ અથવા સરસવનું તેલ તેલ માટે સારો વિકલ્પ હોઈ શકે છે.

# બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે સકારાત્મક વાતાવરણ જરૂરી

## દેશની રાજધાનીમાં MATE કાર્યક્રમ શરૂ : કાર્યક્રમ શરૂઆતના ધોરણોથી જ ભાવનાત્મક જાગૃતિ વધારવા થશે કામગીરી



રાજકોટ, તા. ૭

તાજેતરના સમયમાં, દેશમાં, ખાસ કરીને બાળકોમાં, આત્મહત્યાના દરમાં નોંધપાત્ર વધારો થયો છે. અઈઈખજ નવી દિલ્હીએ આ મુદ્દાને સંબોધવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. તેણે શાળાઓમાં ખઅઝઊ કાર્યક્રમ શરૂ કર્યો છે, જેનો હેતુ બાળકોની માનસિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. તેમણે જણાવ્યું હતું કે ઈઈજઊ સાથે મળીને, તેમણે આ કાર્યક્રમ શરૂ કર્યો છે, જે હાલમાં દિલ્હી ગઈછ અને ઉત્તરપૂર્વમાં કાર્યરત છે. આ પહેલ બાળકોને માનસિક તણાવથી મુક્ત કરવા અને તેમના શાળાના વાતાવરણને સુરક્ષિત અને વધુ સહાયક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કાર્યક્રમ શરૂઆતના ધોરણોથી જ ભાવનાત્મક જાગૃતિ વધારવા અને તેમને યોગ્ય સહાયક પ્રણાલી પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે. આ સમસ્યાઓને નાની ઉંમરે ઓળખવામાં અને બાળકોને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ દ્વારા, શાળાઓમાં માનસિક સ્વાસ્થ્ય માટે સકારાત્મક વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ બીમારી નહીં, પણ સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ધીમે ધીમે બાળપણની બીમારીઓ, ખાસ કરીને હાઇપરટેન્શન, સ્થૂળતા, વર્તણૂકીય સમસ્યાઓ અને ડાયાબિટીસમાં ઘટાડો કરશે. બાળકોને પાંચ મિત્રો હોવા જરૂરી છે જેની સાથે તેઓ તેમની લાગણીઓ શેર કરી શકે. ડો. નંદ કુમારે કહ્યું, ''અમે બાળકોને રીલ મિત્રો બનાવવાને બદલે સાચા મિત્રો બનાવવા માટે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ હાંસલ કરવા માટે, અમે મેટ ફાઇવ (૫) ની વિભાવના રજૂ કરી છે. મેટ પ્રોગ્રામ, ઈઈજઊ ના સહયોગથી, છઠ્ઠા અને સાતમા ધોરણના વિદ્યાર્થીઓ સાથે કામ કરી રહ્યો છે. મેઘાલય અને દિલ્હી-ગઈછ માં પચાસ શાળાઓ પસંદ કરવામાં આવી છે. શાળા સલાહકાર તાલીમ શરૂ થઈ ગઈ છે, જે હાલમાં નવ શાળાઓમાં ચાલી રહી છે, જે માનસિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પાંચ દિવસની તાલીમ પછી, તેમને શાળાઓમાં મોકલવામાં આવે છે અને બાળકોના વર્તનનું નિરીક્ષણ કરવાનું કહેવામાં આવે છે. પછી તેઓ અવલોકન કરાયેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા પાછા ફરે છે.

તમારું ઘર તમારા મગજને આકાર આપે છે. પતિ-પત્ની વચ્ચેનો કોઈપણ સંઘર્ષ બાળક પર અસર કરે છે. સંઘર્ષ ઘટાડવા માટે, અમે બાળકમાં આત્મસન્માન વધારવાના રસ્તાઓ સૂચવીએ છીએ. આ દંપતીના સ્વાસ્થ્યને પણ અસર કરે છે, બ્લડ પ્રેશરથી લઈને પ્રજનન ક્ષમતા સુધીની દરેક વસ્તુને અસર કરે છે.'' કોઈપણ દેશના લોકોનું માનસિક સ્વાસ્થ્ય તેની આર્થિક પરિસ્થિતિને પણ અસર કરે છે. તેમણે કહ્યું કે ભારતના સંદર્ભમાં, એવા ડેટા બહાર આવ્યા છે જે દર્શાવે છે કે માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓને કારણે ૨૦૧૨ થી ૨૦૩૦ વચ્ચે ૧ ટ્રિલિયનથી વધુનું આર્થિક નુકસાન થવાનો અંદાજ છે. દેશમાં મનોચિકિત્સકોની સંખ્યા વસ્તીની તુલનામાં ખૂબ ઓછી છે, જેના કારણે ઘણા લોકોને

# પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ ટાળો

## સંશોધનમાં બહાર આવ્યું કે બોટલોમાંથી નીકળતા નેનોપ્લાસ્ટિક કણો પેટના કોષોને પહોંચાડે છે નુકસાન

રાજકોટ, તા. ૭

જો તમે હજુ પણ કોઈપણ સ્વરૂપમાં પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ કરી રહ્યા છો, તો તેનો ઉપયોગ બંધ કરવો શ્રેષ્ઠ છે. સંશોધનમાં બહાર આવ્યું છે કે આ બોટલોમાંથી નીકળતા નેનોપ્લાસ્ટિક કણો પેટના કોષોને નુકસાન પહોંચાડે છે. સંશોધનમાં જણાવાયું છે કે ઘણા લોકો દરરોજ પ્લાસ્ટિક બોટલોમાં પાણી, રસ અને સોફ્ટ ડ્રિંક્સ પીવે છે. આ બોટલોમાં કોઈપણ પીણું પીવું શરીર માટે હાનિકારક છે. નેનોપ્લાસ્ટિક્સના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી પેટના કોષો અને આંતરડાની બાહ્ય દિવાલ નબળી પડે છે. આ કણો શરીરના લાલ રક્તકણો પર પણ હુમલો કરે છે. લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી બળતરા પણ થાય છે.



પ્લાસ્ટિક બોટલ ગરમી અને સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે છે, જેના કારણે તેમને નાના ઘસારો થાય છે. પ્લાસ્ટિક ખૂબ જ નાના કણોમાં તૂટી જાય છે, એટલા બારીક કે તે નરી આંખે અદ્રશ્ય હોય છે. આ નાના કણોને નેનોપ્લાસ્ટિક્સ કહેવામાં આવે છે. આ ખૂબ ઓછા પાણીમાં ઓગળી જાય છે, અને જ્યારે આપણે પ્લાસ્ટિક બોટલમાંથી પાણી પીએ છીએ, ત્યારે તે આપણા પેટમાં પ્રવેશ કરે છે અને આપણા આંતરડાને નુકસાન પહોંચાડે છે. આ આપણા આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયાને પણ નુકસાન પહોંચાડે છે, જેના કારણે અપચો, ગેસ અને પેટમાં દુખાવો જેવી સમસ્યાઓ થાય છે. સંશોધન દર્શાવે છે કે આ નેનોપ્લાસ્ટિક્સ, શ્વસનતંત્ર દ્વારા શરીરમાં પ્રવેશ્યા પછી, લોહીના પ્રવાહમાં ઓગળી જાય છે. આ ફક્ત પેટને જ નહીં પરંતુ અન્ય ઘણા અવયવોને પણ નુકસાન પહોંચાડે છે. તે કિડની અને લીવરને પણ નુકસાન પહોંચાડે છે. જો આ બોટલોનો લાંબા સમય સુધી ઉપયોગ કરવામાં આવે તો તે આ અંગો માટે પણ ખતરો બની શકે છે.જો તમે પણ દરરોજ પ્લાસ્ટિક બોટલમાંથી પાણી પીતા હોવ તો, આમ કરવાનું બંધ કરો. આ બોટલો તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. સંશોધનમાં કેટલાક ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે. આ સંશોધનમાં પ્લાસ્ટિક બોટલોમાં નેનોપ્લાસ્ટિક કણોની તપાસ કરવામાં આવી હતી. આ કણો ઘરગથ્થુ ઉપયોગ માટે વપરાતી બોટલો, પાણી, પેકેજ્ડ પીણાં અને અન્ય હેતુઓ માટે મળી આવ્યા હતા. આ સંશોધન ચેતવણી આપે છે કે પ્લાસ્ટિક પ્રદૂષણ હવે માનવ સ્વાસ્થ્યને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, જ્યાં બોટલબંધ પાણીનો વધુ ઉપયોગ થાય છે.

# સૂર્યકિરણ એર-શોનું સાક્ષી બનતું રાજકોટ

## સ્માર્ટ સિટી એરીયામાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા લોકોની ગગનભેદી હર્ષનાદ અને ચીચીયારીથી સર્જાયો જબરદસ્ત માહોલ

















રાજકોટ, તા. ૭

રાજકોટ ઐતિહાસિક ઘટનાનો સાક્ષી બન્યો. શહેરના તમામ રસ્તાઓ અટલ સરોવર-સ્માર્ટ સિટી એરિયા તરફ જ જતા હતાં. ભારતીય વાયુ સેના અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એટલ સરોવર આસપાસના વિસ્તારોના આકાશમાં સવારે ૧૦ વાગ્યાથી યોજાયેલ અભૂતપૂર્વ સૂર્યકિરણ એર-શોએ હજ્જારોની સંખ્યામાં ઉમટી પડેલી જનમેદનીને રોમાંચિત કરી દીધી હતી. ભારતીય વાયુ સેનાના જવાનોની વીરતા, શૌર્ય, શિસ્તબધ્ધતા, અને પરફેક્શન કેવા હોય તેની ફૂલ સ્કેલ ઝલક નિહાળી સમગ્ર રાજકોટની જનતાએ વાયુ સેના અને તેના જવાનો પ્રત્યે અહોભાવ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

મેયર નયનાબેન પેઢડીયાનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ એર-શોના અવસરે, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, ભારતીય વાયુ સેનાના અધિકારીઓ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા સહિત રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેનઓ, કોર્પોરેટર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યઓ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેર પોલીસ સહિતના વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એર-શોની સાથોસાથ ડીફેન્સનાં શસ્ત્રો અને સાધનોનું પ્રદર્શન પણ યોજવામાં આવેલ હતું. એર-શો પૂર્ણ થયા બાદ તમામ સાંસદશ્રી સહિતના મહાનુભાવોએ એરફોર્સ બેન્ડના મંડપ ખાતે પ્રસ્થાન કર્યું હતું, અને ત્યાં વાયુ સેનાના તમામ વરિષ્ઠ અધિકારીઓને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે એરફોર્સ બેન્ડ દ્વારા હે મેરે પ્યારે વતન.... ગીતની સૂરાવલી રેલાવવામાં આવી હતી.

સવારે ૧૦:૦૦ વાગ્યાથી યોજાયેલ યાદગાર અને અભૂતપૂર્વ એર શો સાથે, પ્રથમ વખત પ્રતિષ્ઠિત એર ફોર્સ બેન્ડનું પણ આકર્ષક લાઈવ પરફોર્મન્સ પણ શહેરના નાગરિકોએ માણ્યું હતું. આ ઉપરાંત ગરૂડ કમાન્ડોના શસ્ત્ર, મિસાઈલ અને અન્ય સાધનોનું ભાગ્યે જ જોવા મળે તેવું શાનદાર પ્રદર્શન પણ લોકોએ નિહાળ્યું હતું. આકાશ ગંગા સ્કાયડાઈવિંગ ટીમના જવાનો દ્વારા દ્વારા, ૮૦૦૦ ફૂટની ઉંચાઈએ ઉડતા એરક્રાફ્ટમાંથી પેરાશૂટ સાથે આકાશમાં જમ્પ કરી લોકોના દિલની ધડકન તેજ કરી દીધી હતી. આ જવાનોએ અટલ સરોવરના મેદાનમાં પરફેક્ટ સફળ લેન્ડીંગ કરી ઉપસ્થિત સૌ કોઈના દિલ જીતી લીધા હતા.

ત્યારબાદ હેલિકોપ્ટર ખઈ- ૧૭ટ૫ દ્વારા વિંગસિંગ ઓપરેશનમાં જવાનોને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન દર્શકોને દેશના વીર જવાનોની તૈયારી, શિસ્ત અને સાહસનો જીવંત અનુભવ થયો હતો. આ પછી એરફોર્સ બેન્ડના પરફોર્મન્સ સાથે આકાશમાં નવ નવ વિમાનો દ્વારા ભવ્ય એર-શો યોજાયો હતો. આ કાર્યક્રમોએ રાજકોટના આકાશ અને ધરતી બંનેને દેશપ્રેમ, ગૌરવ અને સંગીતની સુંદરતાથી રંગીને શહેર માટે ઐતિહાસિક ક્ષણો સર્જી હતી.

ભારતીય વાયુસેનાની વિશ્વપ્રસિદ્ધ જીૂફિસશફિક્ષ અયજ્ઞિબફશિંભ ઝયફળના નવ-નવ વિમાનોએ આકાશમાં અલગ અલગ ફોર્મેશનમાં દિલધડક સ્ટંટનં નિદર્શન કરી તેમના શૌર્ય, ચોકસાઈ અને પરફેક્ટ ટાઈમિંગ સાથેના તાલમેલના અનોખા કૌશલ્યનું પ્રદર્શન કરી સૌના દિલ જીતી લીધા હતાં. આકાશમાં બનતી સુંદર રચનાઓ, ગતિ, ઝડપ અને પાઈલોટ્સની કુશળતા નિહાળી નાગરિકો રોમાંચિત થઇ ગયા હતા અને તેઓએ હર્ષનાદ અને ચીચીયારી સાથે આ પરફોર્મન્સને વધાવી લીધું હતું.

એરફોર્સ બેન્ડ પર દેશભક્તિ ગીતો, પ્રખ્યાત મીલિટરી બેન્ડ ટ્યૂન્સ, આધુનિક સંગીતના ઈન્સ્ટ્રુમેન્ટલ્સ અને વિશેષ વાયુસેના થીમ મ્યુઝિકે સમગ્ર એર-શોમાં અભૂતપૂર્વ માહોલ સર્જ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અટલ સરોવરની આસપાસના સ્માર્ટ સિટી વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ ૧૭ થી ૨૦ જેટલી મોટી સ્ક્રીન મુકવામાં આવી છે અને તેના માધ્યમથી બહોળી સંખ્યમાં લોકો એર-શોના સાક્ષી બન્યા હતા. એરફોર્સના કમાન્ડો દ્વારા આપવામાં આવતા કમાન્ડને નિહાળવાની સાથે અવકાશમાં થતા ફાઈટર પ્લેનના પરફોર્મન્સ પણ સરળતાથી નિહાળી શકાયા હતા. અટલ સરોવરની ફરતે આવેલા જુદાજુદા રસ્તાઓ પર તેમજ આજુબાજુના ટેકરાઓ પર હજજારોની સંખ્યામાં એકત્ર થયેલા લોકો માટે આજનો આ અવસર યાદગાર બની ગયો હતો.

આ ઉપરાંત નાગરિકોની સુગમતા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અટલ સરોવર ફરતે ૩૦ થી વધુ સાઉન્ડ ટાવર સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા હતાં.

જેના માધ્યમથી અટલ સરોવર ફરતે રહેલા નાગરિકોએ ભવ્ય એર-શો અંગેની માહિતી અને લાઈવ બેન્ડની સૂરાવલીનો આનંદ પણ મેળવ્યો હતો. અટલ સરોવરની આસપાસના વિસ્તારમાં કુલ-૭ વ્યુ પોઈન્ટ અને કુલ-૮ પાર્કિંગ પ્લોટ નક્કી કરવામાં આવેલ હતા.

# સમાજ સંગઠિત - સંવેદનશીલ બને ત્યારે વિકાસને ગતિ મળેઃ CM

## ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ખાતે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને મંત્રીઓનો સન્માન સમારોહ






રાજકોટ, તા. ૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કાગવડ ખાતે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને મંત્રીઓના સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં બોલતા જણાવ્યું હતું કે વડાપ્રધાન દેવભક્તિ અને દેશભક્તિ બંનેના પ્રખર હિમાયતી રહીને જનસેવા કરી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ‘‘સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ‘‘ના મંત્રના ઉલ્લેખ સાથે મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ધર્મ ત્યારે જ મહાન બને, જ્યારે તે માનવસેવા તરફ દોરી જાય. આ તકે મુખ્યમંત્રીએ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આ સન્માન સમારોહ એ વાતની સાબિતી છે કે, સમાજભાવનાથી થતા દરેક કાર્યો રાજ્ય સરકારને પ્રેરણા આપે છે. વડાપ્રધાનએ ધર્મ અને રાષ્ટ્રભાવ સાથે સ્વચ્છતાને પણ એટલું જ મહત્વ આપ્યું છે. આ સંસ્થાની પણ વિશેષતા છે કે, અહીં ધર્મ અને ભક્તિ સાથે સમાજસેવા અને રાષ્ટ્રભક્તિને પણ સમાન મહત્વ અપાયું છે. મંદિરના પરિસરમાં સ્વચ્છતા, શિસ્ત અને પ્રાકૃતિક સુંદરતા એ દર્શાવે છે કે, જ્યારે ધર્મ અને રાષ્ટ્રભાવના સાથે ચાલે, ત્યારે સમાજ વધુ શક્તિશાળી અને સંવેદનશીલ બને છે. દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ અહીં દર્શને આવીને સમાજ અને રાષ્ટ્ર માટે સેવા આપે છે તે રાજ્યની વિકાસ યાત્રાનો આધાર બની રહ્યા છે.

શિક્ષણ અને કૃષિને રાષ્ટ્રનિર્માણના મજબૂત સ્તંભ ગણાવતાં તેમણે જણાવ્યું કે, ખોડલધામ મંદિરે પાટીદાર જ નહીં સમગ્ર ગુજરાતના માઇ-ભક્તોની આધ્યાત્મિક ચેતનાને નવી ઊર્જા આપી છે. શિક્ષણ અને કૃષિ ક્ષેત્રમાં યોગદાન આપીને ખોડલધામ રાજ્યના વિકાસની તકો ઉભી કરવામાં સહાયરૂપ થયું છે. સરકાર પણ યુવા-સામર્થ્ય, કૌશલ્ય-વિકાસ અને ખેતીના આધુનિકીકરણ માટે સતત કાર્યરત છે જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તાજેતરમાં યોજાયેલી ચિંતન શિબિરમાં આ તમામ વિષયો કેન્દ્રમાં રાખીને રાજ્યના ભાવિ વિકાસનો રોડમેપ સંગીન કરવાનો નિર્ધાર કર્યો છે.

ખોડલધામના પ્રણેતા નરેશભાઇ અને ટીમ આરોગ્યધામના પણ પ્રેરક બન્યા છે તે ખુશીની વાત છે તેવું જણાવતાં મુખ્યમંત્રીએ કહ્યુ કે, આ ટ્રસ્ટ દ્વારા વિકસાવવામાં આવી રહેલી કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર માત્ર સારવારનું કેન્દ્ર નહિં, પરંતુ દર્દીનારાયણ માટે આરોગ્યસેવાનું ધામ બનશે.નરેશ પટેલે ઉમેર્યું કે, વડાપ્રધાનનું માનવું છે કે, સંસ્થાઓ, સરકાર અને સામાન્ય નાગરિક આ ત્રણેય સાથે મળીને કામ કરે ત્યારે જ રાષ્ટ્રનો વિકાસ ઝડપી બને છે.

જ્યારે સમાજ સંગઠિત, સંવેદનશીલ અને પર્યાવરણ માટે જવાબદાર બને ત્યારે વિકાસને ગતિ મળે છે. વડાપ્રધાનએ એન્વાયર્મેન્ટ ફ્રેન્ડલી ગ્રીન ગ્રોથ સાથેના વિકસિત ભારત ૨૦૪૭નો સંકલ્પ કર્યો છે. રાષ્ટ્રહિતના દરેક કામોમાં ખોડલધામ, કાગવડ સક્રિય રહ્યુ છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ગ્રીન ગ્રોથ માટે ’એક પેડ મા કે નામ’, ’કેચ ધ રેઈન’, ’નેટ ઝીરો’, ’સોલાર રૂફટોપ’ જેવા અભિયાનોમાં સૌ નાગરિકોને જોડાવા આહવાન કર્યું હતું.કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ તકે સંબોધન કરતા જણાવ્યું હતું કે ભૂતકાળમાં ક્યારેય ન થયા હોય તેવા ભારે કમોસમી વરસાદના કારણે રાજ્યના ખેડૂતોને મોટું નુકસાન થયું છે ત્યારે સરકારે તેમને મદદરૂપ થવા રૂ. ૧૦ હજાર કરોડથી વધુ રકમનું સહાય પેકેજ જાહેર કર્યું છે. મુખ્યમંત્રીના નિર્દેશ અનુસાર ખેડૂતોને આ સહાય શક્ય તેટલી વહેલી તકે મળે તે માટે લીધેલા પગલાંઓ વિશે વિગતવાર માહિતી આપતા તેમણે ઉમેર્યું હતું કે ખેડૂતો માટે સંવેદનશીલ એવી કેન્દ્ર સરકારે ટેકાના ભાવે ખરીદી શરૂ કરી છે.

## જયેશ રાદડિયા – નરેશ પટેલ મળ્યા ગળે

### રાદડિયાનો હુંકાર, જયેશ હોય કે ન હોય ખોડલધામ રહેશે

પાટીદાર સમાજના બે અગ્રણીઓ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ અને રાજકીય નેતા જયેશ રાદડિયા એક કાર્યક્રમ દરમિયાન જાહેરમાં ગળે મળ્યા. છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે કથિત ગજગ્રાહ, મતભેદ અને રાજકીય અંતર હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી. સોશિયલ મીડિયાથી લઈને રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારની અટકળો જોવા મળતી હતી. પરંતુ ખોડલધામના પવિત્ર આંગણે બનેલા આ ખાસ દ્રશ્યોએ તમામ પ્રકારની ચર્ચાઓ અને અફવાઓને શાંત કરી દીધી છે. ખોડલધામના નરેશ પટેલ અને પાટીદાર નેતા તથા ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે લાંબા સમયથી વાદ-વિખવાદની ચર્ચા રાજ્યભરમાં ચાલી રહી છે. બન્ને વચ્ચે ઘણા સમયથી અણબનાવ હોય તેવી વાતો પણ સામે આવી રહી હતી ત્યારે આજે ખોડલધામ કાગવડ ખાતેના એક કાર્યક્રમ બાદ કૃષિમંત્રી જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં આ બન્ને પાટીદાર નેતાઓ વચ્ચે સમાધાન થયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. બન્ને નેતા એકબીજાના ગળે મળ્યા હતા. જયેશ રાદડિયાએ આ તકે કહ્યું હતું કે જયેશ હોય કે ન હોય ખોડલધામ રહેશે. કારણ કે આ સમાજનું ગૌરવ છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# અસલી પ્રેરણા

## સોશિયલ મીડિયામાં ફિશીયારી મારનારા ટોળા પ્રેરણા લે



અડિયલ ટટ્ટુ  જેવા યુવાનો ખાસ કરીને જેન ઝીના નામે હાલી નીકળેલી જમાતો એક્શન કે મગજ વગરના સ્ટંટ કરીને પોતાને પરાક્રમી બહાદુર તરીકે જાહેર કરતા હોય છે. આવા અડિયલ ટટ્ટુઓના ફ્રેન્ડ્સના પણ ઢગલા થતા હોય છે.

ભારતમાં અને ગુજરાતમાં આવી વિચિત્ર જમાતનો મોટો પ્રવાહ વહી રહ્યો છે, રાજકોટ પણ બાદ નથી. આવા તત્વો તન, મનથી ખૂબ નબળા હોય છે અને મગજના તૈળ હોય છે. વિશેષ કંઈ કરી દેખાડવા સક્ષમ હોતા નથી, આવા ટોળાથી સમાજ - દેશ નબળા પડી રહ્યા છે.

ફાલતુ તત્વોના કારણે બહાદુરી, પરાક્રમ વગેરે શબ્દોની વ્યાખ્યાની વેલ્યુ ઓછી થઈ રહી છે. દેશમાં અસલી પ્રેરણાનો અભાવ છે. રાજકોટમાં યોજાયેલો એર શો દેશની યુવા તથા કિશોર પેઢી માટે અસલી પ્રેરણા હતો.

ઘણા લોકો, મીડિયા એવું દર્શાવે છે કે પાકિસ્તાન અને દેશના દુશ્મનો સામે ભારતની તાકાતનું પ્રદર્શન કરવા એર-શો યોજાઈ રહ્યો છે. આ વાત સાચી છે, પરંતુ ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાને પોતાના જ આકાશમાં ભારતનો રીયલ એર શો માણી લીધો હતો, ક્ષણવારમાં ખાનાખરાબી અનુભવી લીધી હતી. સૂર્યકિરણ એર-શો ભારતની અડીયલ જમાતને તાકાત, પરાક્રમ સાહસની અસફળ પ્રેરણા આપી રહ્યો છે.

બાઈક પર ફેનફતુર કરીને સોશિયલ મીડિયામાં બહાદુર બનીને ફરતા ઓડીયલ ટટ્ટુઓ સામે દેશના જાંબાજ જવાનોએ ૮, ફૂટની ઊંચાઈથી પેરા જમ્પિંગ કરી દેખાડ્યું હતું. શારીરિક, માનસિક, ભાવનાત્મક મજબૂતી, નક્કર મનોબળ, અતિ કપરી પ્રેક્ટિસ, ગોલ પર સતત ફોકસ અને સાહસ કરી દેખાડવાની મનોવૃત્તિનો સંગમ થાય ત્યારે આ કાર્ય થઈ શકે છે. પરાક્રમ કરી દેખાડનારા જવાનો પોતાના કર્મથી ઓળખ ધરાવતા હોય છે. તેને સોશિયલ મીડિયાની ગુલામીની જરૂર નથી. આવા જવાનો જ દેશના સાચા હીરા છે. શાહરુખો, સલમાનો ૮,૦૦૦ ફૂટથી માત્ર નીચે જુએ તો પણ તેને કદાચ હોસ્પિટલમાં દાખલ કરવા પડે.

સૂર્યકિરણ એર-શો  ભારત માટે અસલી પ્રેરણા છે. નવી પેઢીએ તેમાંથી પ્રેરણા લઈને તાકાત મનોબળ સાધના થકી રીયલમાં કંઈક કરી દેખાડવા મથવું જોઈએ. સોશિયલ મીડિયામાં ગાંડા કાઢીએ રાખવાથી જે ફેન્સ મળે છે એ પણ મોટાભાગે બબૂચકોની જમાત જેવા હોય છે. સોશિયલ મીડિયાના હીરા દેશની નવરી બજારના ટાઈમપાસ જેવા હોય છે. દુશ્મનનો, દેશની ભૂગોળ બદલવાના અને ઈતિહાસ રચવાના કાર્યો જવાનો કરે છે.


॥ પ્રેમભકિતના હસ્તાક્ષરે ॥

વિશ્વાસ એવી વ્યક્તિ પર ના કરો,
જેની લાગણી સમય સાથે
બદલાય,
પણ વિશ્વાસ એવી વ્યક્તિ
પર કરો,
કે સમય બદલાય પરિસ્થિતિ
બદલાય
પરંતુ તેની લાગણી ક્યારેય ન
બદલાય...



શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા





# ગીતા ફક્ત હિન્દુઓ માટે નહીં ૧.૪ અબજ લોકો માટે

## કલકત્તામાં સનાતન સંસ્કૃતિ સંસદના નેજા હેઠળ ગીતાના સમૂહ પાઠ

નવીદિલ્હી, તા. ૭

રવિવારે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સનાતન સંસ્કૃતિ સંસદના નેજા હેઠળ ગીતાના સમૂહ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. પાઠમાં બાગેશ્વર ધામના મુખ્ય પૂજારી ધીરેન્દ્ર શાસ્ત્રી, પદ્મ ભૂષણ પુરસ્કાર વિજેતા સાધ્વી ઋતંબરા, બંગાળ ભાજપના ટોચના નેતાઓ સુવેન્દુ અધિકારી, સુકાંત મજુમદાર, દિલીપ ઘોષ અને રાજ્યના રાજ્યપાલ સીવી આનંદ બોઝ સહિત સેંકડો સાધુઓ અને સંતોએ હાજરી આપી હતી. બ્રિગેડ ગ્રાઉન્ડ પર વહેલી સવારથી ભીડ વધવા લાગી. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ ભીડ વધતી ગઈ અને સમગ્ર બ્રિગેડ ગ્રાઉન્ડમાં શંખનો અવાજ ગુંજી ઉઠ્યો. આ પ્રસંગે લાખો ભક્તો એકઠા થયા. વેદોના પાઠ પછી, ગીતાનું સમૂહ પાઠ થયું. સનાતનવાદીઓ ઢાક, ઢોલ અને કરતાલના તાલ પર નાચતા જોવા મળ્યા. બ્રિગેડ ગ્રાઉન્ડ ઉલુ અને શંખના નાદથી ગુંજી ઉઠ્યું. જ્ઞાનાનંદજી મહારાજે કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.

રાજ્યપાલ સીવી આનંદ બોઝે ગીતાના શ્લોકો વાંચીને સમૂહ પાઠમાં હાજરી આપી હતી. તેમણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ બોલ્યા. તેમણે શ્રી કૃષ્ણ અને અર્જુનની વાર્તા યાદ કરી. તેમણે ભયંકર મહાભારત યુદ્ધ દરમિયાન શ્રી કૃષ્ણે અર્જુનને કેવી રીતે સાચો માર્ગ બતાવ્યો તેનું વર્ણન કર્યું. તેમણે કહ્યું, ''શ્રી કૃષ્ણે વારંવાર અર્જુનને પોતાનું કર્તવ્ય બજાવવાનું કહ્યું, અને આજે બંગાળ કામ કરવા તૈયાર છે. આજે, જ્યારે યુવા પેઢી ગીતાનો પાઠ કરવા માંગે છે, ત્યારે તે રાષ્ટ્રીય ગૌરવનો વિષય બની જાય છે.'' દરમિયાન, કેન્દ્રીય રાજ્ય મંત્રી સુકાંત મજુમદારે કહ્યું કે ગીતાના પાઠનો ચૂંટણી સાથે કોઈ સંબંધ નથી. રાજકારણ રાજકારણ જ રહેશે, અને ગીતા હંમેશા રહેશે. ગઈકાલે આપણે જે જોયું તે સ્પષ્ટપણે દર્શાવે છે કે હિન્દુ મતને વિભાજીત કરવા અને મુસ્લિમ મતને એકીકૃત કરવાનું કાવતરું ચાલી રહ્યું છે. કાર્યક્રમના આયોજકોમાંના એક કાર્તિક મહારાજે જણાવ્યું હતું કે પાંચ લાખ લોકો દ્વારા ''ગીતા પાઠ'' સનાતન સંસ્કૃતિ સંસદ દ્વારા આયોજિત કરવામાં આવી રહ્યું છે, જે વિવિધ મઠો અને હિન્દુ ધાર્મિક સંસ્થાઓના સાધુઓ અને આધ્યાત્મિક નેતાઓનું જૂથ છે.

ગીતા ફક્ત હિન્દુઓ માટે નથી; તે ભારતના તમામ ૧.૪ અબજ લોકો માટે છે. આ કાર્યક્રમનો હેતુ પશ્ચિમ બંગાળના આધ્યાત્મિક વારસાને જાગૃત કરવાનો અને ધાર્મિક ગ્રંથો દ્વારા સામાજિક સુમેળને પ્રોત્સાહન આપવાનો છે. તેને રાજ્યમાં અને કદાચ દેશમાં અત્યાર સુધીનું સૌથી મોટું સામૂહિક ગીતા પાઠ તરીકે વર્ણવવામાં આવી રહ્યું છે. કાર્તિક મહારાજે જણાવ્યું હતું કે વિભાજનના વાતાવરણમાં, આધ્યાત્મિક અભ્યાસ શાંતિ અને દિશા પાછી લાવી શકે છે. અગાઉ, ૨૦૨૩ની લોકસભા ચૂંટણી પહેલા બ્રિગેડ ખાતે ૧૦૦,૦૦૦ લોકોના સમાન સમૂહ ગીતા પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા અને મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહના બીજા દિવસે યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમના રાજકીય પરિણામો પણ બહાર આવ્યા છે.

# ઉમીદ પોર્ટલની સમયમર્યાદા પૂર્ણ

## ૬ મહિનામાં કુલ ૫,૧૭,૦૪૦ વકફ મિલકતો નોંધાઈ

નવીદિલ્હી, તા. ૭

ભારતમાં વકફ મિલકતોના સંચાલન માટેના કેન્દ્રીય પોર્ટલ, ઉમીદ માટે સમયમર્યાદા પસાર થઈ ગઈ છે. પોર્ટલ પર કોઈ નવી મિલકતો અપલોડ કરી શકાતી નથી. જોકે, પહેલાથી અપલોડ કરેલી મિલકતોની ચકાસણી પ્રક્રિયા ચાલુ રહેશે. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ૬ જૂને પોર્ટલ લોન્ચ કર્યું. સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ નિર્દેશો અને ઉમીદ અધિનિયમ, ૧૯૯૫ ને અનુસરીને, પોર્ટલ માટે છ મહિનાનો સમય આપવામાં આવ્યો હતો, જે હવે સમાપ્ત થઈ ગયો છે. આ પછી, શનિવારે પોર્ટલને અપલોડ માટે સત્તાવાર રીતે બંધ કરવામાં આવ્યું હતું. જેમ જેમ સમયમર્યાદા નજીક આવી રહી હતી, તેમ તેમ વકફ મિલકતોના અપલોડિંગને વેગ મળ્યો. સચિવ સ્તર સુધીની અસંખ્ય સમીક્ષા બેઠકો, તાલીમ વર્કશોપ અને ઉચ્ચ-સ્તરીય હસ્તક્ષેપોએ પ્રક્રિયામાં નવી ગતિ ઉમેરી, અંતિમ કલાકોમાં અપલોડને વેગ આપ્યો.

આ વિશાળ રાષ્ટ્રીય પ્રયાસને ટેકો આપવા માટે, લઘુમતી બાબતોના મંત્રાલયે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ વકફ બોર્ડ અને લઘુમતી વિભાગો સાથે ચાલુ વર્કશોપ અને તાલીમ સત્રો યોજ્યા. અપલોડિંગ પ્રક્રિયા પર વકફ બોર્ડ અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના અધિકારીઓને વ્યવહારુ તાલીમ આપવા માટે દિલ્હીમાં બે દિવસીય માસ્ટર ટ્રેનર વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો. રાજ્યોમાં વરિષ્ઠ ટેકનિકલ અને વહીવટી ટીમો તૈનાત કરવામાં આવી હતી, અને દેશભરમાં સાત પ્રાદેશિક બેઠકો યોજાઈ હતી. અપલોડ કરતી વખતે ઉદ્ભવતા મુદ્દાઓનું ટેકનિકલ સમર્થન અને તાત્કાલિક નિરાકરણ પૂરું પાડવા માટે મંત્રાલયના કાર્યાલયમાં એક સમર્પિત હેલ્પલાઇન પણ સ્થાપિત કરવામાં આવી હતી. પોર્ટલ શરૂ થયા પછી, લઘુમતી બાબતોના મંત્રાલયના સચિવ ડો. ચંદ્રશેખર કુમારે ૨૦ થી વધુ સમીક્ષા બેઠકો યોજી છે અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને દેખરેખ આપી છે જેથી હાલની વકફ મિલકતોની વિગતો સમયસર અને સચોટ રીતે અપલોડ થાય. આ તબક્કાની પૂર્ણતા ઉમીદ માળખા હેઠળ સમગ્ર ભારતમાં વકફ મિલકતોની પારદર્શિતા, કાર્યક્ષમતા અને સંકલિત ડિજિટલ વ્યવસ્થાપન લાવવા તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

છ મહિનાની અંદર ઉમીદ પોર્ટલમાં કુલ ૫૧૭,૦૪૦ વકફ મિલકતો ઉમેરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન, ચકાસણી દરમિયાન ૨૧૬,૯૦૫ મિલકતોને મંજૂરી આપવામાં આવી હતી અને ૧૦,૮૬૯ મિલકતોને નકારી કાઢવામાં આવી હતી. વધુ ૨૧૩,૯૪૧ મિલકતોની ચકાસણી કરવામાં આવી રહી છે.




# ઈન્ડિગોએ વધુ ૬૫૦ ફ્લાઈટ કરી રદ

## એરલાઈન કંપનીને નોટિસમાં કહેવામાં આવ્યું કે નિર્ધારિત સમયમાં જવાબ આપવામાં નિષ્ફળતા એકપક્ષીય નિર્ણય લેશે

નવીદિલ્હી, તા. ૭

કટોકટી વચ્ચે ઈન્ડિગો દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું છે. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''અમે કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે નોંધપાત્ર ફેરફારો કરી રહ્યા છીએ.'' તેમણે જણાવ્યું હતું કે ઈન્ડિગો થી વધુ ફ્લાઈટ્સનું સંચાલન કરે તેવી અપેક્ષા છે, જે ગઈકાલે આશરે ૧,૫૦૦ હતી. તેમણે જણાવ્યું હતું કે સમયસર કામગીરી 30% થી ૭૫% સુધી સુધરીને થઈ છે. આજે ઓછી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, અને મુસાફરોને અગાઉથી જાણ કરવામાં આવી હતી. રિફંડ અને સામાન પ્રક્રિયા ઝડપથી પ્રક્રિયા કરવામાં આવી રહી છે, પછી ભલે તે સીધી બુકિંગ હોય કે એજન્સી દ્વારા. એરલાઈનના પ્રવક્તાએ મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસવાની પણ સલાહ આપી હતી. કંપની ૧૦ ડિસેમ્બર સુધીમાં નેટવર્ક સ્થિરતાની અપેક્ષા રાખે છે, જે મૂળ ૧૦ અને ૧૫ ડિસેમ્બર માટે અંદાજવામાં આવી હતી. ઈન્ડિગોએ મુસાફરોને થયેલી અસુવિધા બદલ માફી માંગી હતી અને જણાવ્યું હતું કે બધી ટીમો સામાન્યતા પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહી છે. આજે વિવિધ એરપોર્ટ પર કુલ ૬૫૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ઈન્ડિગો એરલાઈન્સના જવાબદાર મેનેજરને કારણ બતાવો નોટિસ જારી કરી છે. ઉત્રઈઅ એ જણાવ્યું હતું કે તેમને આ નોટિસ મળ્યાના ૨૪ કલાકની અંદર કારણ બતાવવાનો નિર્દેશ આપવામાં આવે છે કે ઉલ્લંઘન માટે સંબંધિત એરક્રાફ્ટ નિયમો અને નાગરિક ઉડ્ડયન આવશ્યકતાઓ હેઠળ તેમની સામે યોગ્ય કાર્યવાહી કેમ ન કરવી જોઈએ. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે નિર્ધારિત સમયમાં જવાબ આપવામાં નિષ્ફળતા એકપક્ષીય નિર્ણય લેશે. ઈન્ડિગોના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઈન્ટરગ્લોબ એવિએશન લિમિટેડ (ઈન્ડિગો) ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ફ્લાઈટ રદ અને વિલંબનો મુદ્દો સામે આવ્યાના પહેલા જ દિવસે મળ્યા હતા. સભ્યોને મેનેજમેન્ટ તરફથી કટોકટીની પ્રકૃતિ અને હદ વિશે વિગતવાર માહિતી મળી હતી. આ બેઠક બાદ, બોર્ડ-મેમ્બર-ઓન્લી સત્ર યોજાયું હતું, જેમાં કટોકટી વ્યવસ્થાપન જૂથ (ઈખત્રૃ) બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આમાં ચેરમેન વિક્રમ સિંહ મહેતા, બોર્ડ ડિરેક્ટર્સ ગ્રેગ સરેત્સ્કી, માઈક વ્હિટેકર અને અમિતાભ કાંત અને ઈઊઘ પીટર એલ્બર્સનો સમાવેશ થાય છે. ઈન્ડિગો એરલાઈન્સ તેના સંચાલનમાં સુધારો કરવા માટે કામ કરી રહી છે, સમયસર કામગીરી 30% થી વધારીને ૭૫% કરી રહી છે. કંપનીએ ફ્લાઈટ રદ કરવાનું ઘટાડ્યું છે અને મુસાફરોને આગોતરી સૂચના આપી રહી છે. રિફંડ અને સામાનના મુદ્દાઓ પર ઝડપથી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. ઈન્ડિગોને અપેક્ષા છે કે નેટવર્ક ૧૦ ડિસેમ્બર સુધીમાં સ્થિર થઈ જશે અને તેણે મુસાફરોને એરપોર્ટ પર મુસાફરી કરતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસવા વિનંતી કરી છે.



# ગોવાના નાઈટ કલબમાં આગઃ ૨૫ મોત

## આગ લાગવાનું કારણ હજુ સુધી નથી આવ્યું સામે : સુરક્ષા પગલા પર ઊભા થયા પ્રશ્નો

નવીદિલ્હી, તા. ૭

ગોવા ક્લબમાં લાગેલી આગનો એક નવો વીડિયો સામે આવ્યો છે. ક્લબમાં ડાન્સ ચાલી રહ્યો હતો ત્યારે ભીષણ આગ લાગી. આગની જ્વાળાઓ જોઈને, ઘટનાસ્થળે ગભરાટ ફેલાઈ ગયો. સ્ટેજ પર નાચતા લોકો જીવ બચાવવા દોડી ગયા. નાઈટક્લબમાં બપોરે ૧૧:૦૦-૧૨:૦૦ વાગ્યાની આસપાસ આગ લાગી. વીડિયોમાં સ્પષ્ટપણે સ્ટેજ પર જ્વાળાઓ પડી રહી છે, જેનાથી હાજર લોકો ભયભીત થઈ ગયા છે. આગ સિલિન્ડર વિસ્ફોટને કારણે લાગી હતી. સ્ટેજની લાઈટોમાંથી જ્વાળાઓ નીકળી રહી હતી. વીડિયોમાં સ્ટેજ પર એક મહિલા નાચતી જોવા મળે છે, જેની પાછળ કેટલાક લોકો વાજિંત્ર વગાડી રહ્યા છે. આગની જ્વાળાઓ જોતાં જ, સંગીત તરત જ બંધ કરી દેવામાં આવ્યું, અને ભીડમાં ગભરાટ ફેલાઈ ગયો. લોકો ''આગ લાગી છે!'' બૂમો પાડતા અને અંધાધૂંધી અને મૂંઝવણ વચ્ચે ઘટનાસ્થળેથી ભાગી જવાનો પ્રયાસ કરતા સાંભળી શકાય છે.

ઉત્તર ગોવાના આર્પોરામાં બિર્ચ બાય રોમિયો લેન નાઈટક્લબમાં શનિવારે મોડી રાત્રે લાગેલી આગમાં ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થયા હતા. ગોવા પોલીસના જણાવ્યા અનુસાર, આગમાં ૨૫ લોકોના મોત થયા છે. મૃતકોમાં ચાર પ્રવાસી હતા, ૧૪ સ્ટાફ સભ્યો હતા અને સાતની ઓળખ હજુ સુધી થઈ નથી. છ ઘાયલોની સારવાર ચાલી રહી છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આર્પોરા નદીના બેકવોટર પાસે સ્થિત, બિર્ચ બાય રોમિયો લેન ફક્ત સાંકડી ગલીઓ દ્વારા જ પહોંચી શકાય છે. ભલે તે પોતાને એક ટાપુ ક્લબ તરીકે ઓળખાવે છે, મર્યાદિત પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ બચાવ કામગીરી દરમિયાન મોટો અવરોધ ઉભો કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફાયર એન્જિન સીધા ઘટનાસ્થળે પહોંચી શક્યા ન હતા અને તેમને લગભગ ૪૦૦ મીટર દૂર પાર્ક કરવા પડ્યા હતા.





ગોવામાં બિર્ચ બાય રોમિયો લેન નાઈટક્લબમાં સિલિન્ડર વિસ્ફોટ થયો હતો, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, એક મહિલા સ્ટેજ પર ડાન્સ કરતી જોવા મળે છે. ઘટનાસ્થળે અન્ય ઘણા લોકો હાજર હતા, પરંતુ આગની જ્વાળાઓ જોઈને તેઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. ડાન્સ ફ્લોર પાસે સિલિન્ડર વિસ્ફોટ થતાં શરૂ થયેલી આગએ આખા કલબને ઘેરી લીધું હતું. ધુમાડા, ચીસો, બેચેન પગલાઓ અને બચવા માટેના સંઘર્ષ વચ્ચે, ૨૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. ઘણા ઘાયલ થયા, અને આટલી ભયંકર ભૂલ કેવી રીતે થઈ તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. આ અકસ્માતે સુરક્ષા પગલાં પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રવિવારે મધ્યરાત્રિ પછી જ્યારે આગ લાગી ત્યારે નાઈટક્લબ ડાન્સ ફ્લોર પર લગભગ ૧૦૦ લોકોથી ભરેલું હતું. ત્યારબાદ થયેલી નાસભાગમાં, ઘણા લોકો નીચે દોડી ગયા અને ગ્રાઉન્ડ ફ્લોર પરના રસોડામાં ફસાઈ ગયા, જ્યાં તેઓ સ્ટાફ સભ્યો સાથે ફસાઈ ગયા. રાજ્ય પોલીસે અહેવાલ આપ્યો કે આગ સિલિન્ડર વિસ્ફોટને કારણે લાગી હતી, પરંતુ કેટલાક પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો હતો કે આગ પહેલા માળે શરૂ થઈ હતી, જ્યાં પ્રવાસીઓ નાચતા હતા.

# સૌરાષ્ટ્રમાં જાન્યુઆરીમા

# કાતિલ ઠંડી ગગડાવશે હાજા




**કઠોળ, અનાજ, તેલીબીયા અને શાકભાજી માટે વધુ ઠંડી ઉત્તમ : સૌરાષ્ટ્રમાં પ્રતિ વર્ષ સૌથી વધુ ઠંડી નલિયામાં અને સૌથી ઓછી ઠંડી વેરાવળ-પોરબંદરમાં પડતી હોવાના આંકડા**

**ભારતમાં સૌથી ઠંડા સ્થળ દ્રાસ (દ્રાસ વેલી), કારગિલ જિલ્લો, જમ્મુ અને કાશ્મીર અને સિયાચીન ગ્લેશિયર અને લેહ (લદ્દાખ) નો સમાવેશ**

**વૈશ્વિક ઠંડા શહેરમાં વોસ્ટોક સ્ટેશન, એન્ટાર્કટિકા.. પૃથ્વી પરનું સૌથી ઠંડું સ્થળ અને ઓમ્યાકોન-રશિયા (સાખા/યાકુટિયા).. સૌથી ઠંડું કાયમી વસવાટવાળું સ્થળ મનાય છે**

રાજકોટ તા.૭

સામાન્ય રીતે ભારતમાં ઠંડી-શિયાળાની શરૂઆત મોટે ભાગે નવેમ્બર મહિનાથી થાય છે અને તે ફેબ્રુઆરી સુધી ચાલે છે. ડિસેમ્બર અને જાન્યુઆરીને સૌથી ઠંડા મહિના માનવામાં આવે છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) પણ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીના સમયગાળાને શિયાળો ગણે છે. છેલ્લા ૧૦ વર્ષના ડેટા પ્રમાણે, રાજકોટની આબોહવામાં ફેરફારો જોવા મળ્યા છે, જ્યાં ગરમ દિવસોનું પ્રમાણ વધ્યું છે અને રાત્રિનું તાપમાન પણ અગાઉ જેટલું નીચે જતું નથી. જોકે, તાજેતરના વર્ષોમાં (ઉદાહરણ તરીકે, ડિસેમ્બર ૨૦૨૪ આસપાસ), રાજકોટમાં કોલ્ડવેવ (શીત લહેર)ની અસર પણ જોવા મળી હતી., જે છેલ્લા ૧૦ વર્ષમાં પહેલીવાર નોંધાઈ હોવાનું મનાતી હતી.

સામાન્ય રીતે, રાજકોટમાં શિયાળા દરમિયાન તાપમાન ૧૦ઓઈ થી ૨૨ઓઈ ની આસપાસ રહે છે, પરંતુ આબોહવા પરિવર્તનને કારણે તેમાં વધઘટ થઈ શકતું હોવાનું આબોહવા નિષ્ણાંતોનું માનવું છે. ખૂબ ઠંડી (અથવા લાંબો ઠંડો સમયગાળો) સામાન્ય રીતે રવી પાકો (શિયાળુ પાકો) માટે સારો ગણાય છે. કેટલાક પાકોને ઠંડા વાતાવરણમાં સારી વૃદ્ધિ મળે છે અને તે વધુ મીઠા બને હોવાનું ખેડૂતોનું માનવું છે.

ખાસ કરીને કઠોળમાં ચણા, વટાણા, અનાજમાં ઘઉં, જવ, તેલીબિયાંમાં રાઈ (સરસવ), અળસી શાકભાજીમાં પાલક, કોબીજ, ફ્લાવર, ગાજર, મૂળા, બીટ, લસણ ઉપરાંત પાલક એ શિયાળુ પાક છે અને તે હિમ (પાળો) પણ સહન કરી શકે છે. જ્યારે ઘાસચારામાં રજકો માટે વધુ ઠંડી ખુબ ફાયદાકારક રહેતી હોવાનું ખેડુંતો અને વાતાવરણ તજજ્ઞોનું કહેવું છે. સૌથી વધુ ઠંડી માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના અન્ય સ્થળોએ પણ પડે છે. ભારતમાં સૌથી ઠંડું સ્થળ દ્રાસ (દ્રાસ વેલી), કારગિલ જિલ્લો, જમ્મુ અને કાશ્મીર/લદ્દાખ છે, જેને ''લદ્દાખનું પ્રવેશદ્વાર'' પણ કહેવામાં આવે છે. અહીંનું તાપમાન -૬૦ઓઈ (૧૯૯૫માં નોંધાયેલું) સુધી નીચે જઈ શકે છે. અન્ય ખૂબ ઠંડા સ્થળોમાં સિયાચીન ગ્લેશિયર અને લેહ (લદ્દાખ) નો સમાવેશ થાય છે. ગુજરાતમાં, કચ્છનું નલિયા રાજ્યમાં સૌથી વધુ ઠંડું સ્થળ રહે છે, જ્યાં તાપમાન ૦.૬ઓઈ (૧૯૬૪) અને ૩.૨ઓઈ (૨૦૧૨) જેટલું નીચું નોંધાયું છે.વૈશ્વિક ઠંડીની વાત કરીએ તો વોસ્ટોક સ્ટેશન, એન્ટાર્કટિકા.. આ પૃથ્વી પરનું સૌથી ઠંડું સ્થળ છે, જ્યાં ૨૧ જુલાઈ, ૧૯૮૩ના રોજ -૮૯.૨ઓઈ નું વિક્રમી તાપમાન નોંધાયું હતું. ઓમ્યાકોન-રશિયા (સાખા/યાકુટિયા)..આ પૃથ્વી પરનું સૌથી ઠંડું કાયમી વસવાટવાળું સ્થળ મનાય છે, જ્યાં શિયાળામાં તાપમાન -૭૦ઓઈ સુધી પહોંચી શકે છે. છેલ્લા ૧૦ વર્ષના ડેટા પ્રમાણે, રાજકોટની આબોહવામાં ફેરફારો જોવા મળ્યા છે, જ્યાં ગરમ દિવસોનું પ્રમાણ વધ્યું છે અને રાત્રિનું તાપમાન પણ અગાઉ જેટલું નીચે જતું નથી. જોકે, તાજેતરના વર્ષોમાં (ઉદાહરણ તરીકે, ડિસેમ્બર ૨૦૨૪ આસપાસ), રાજકોટમાં કોલ્ડવેવ (શીત લહેર)ની અસર પણ જોવા મળી છે, જે છેલ્લા ૧૦ વર્ષમાં પહેલીવાર નોંધાઈ હોવાનું મનાતી હતી. સામાન્ય રીતે, રાજકોટમાં શિયાળા દરમિયાન તાપમાન ૧૦ઓઈ થી ૨૨ઓઈ ની આસપાસ રહે છે, પરંતુ આબોહવા પરિવર્તનને કારણે તેમાં વધઘટ થઈ શકે છે.

રાજકોટમાં ઠંડીની તીવ્રતા ડિસેમ્બર મહિનામાં નોંધપાત્ર રીતે વધે છે. છેલ્લાં પાંચ વર્ષના (૨૦૨૦ થી ૨૦૨૪) ડિસેમ્બર મહિનાના સરેરાશ તાપમાનની વિગતો આપેલી છે. જેમાં દિવસનું તાપમાનઃ દિવસનું સરેરાશ તાપમાન ૨૭ઓઈ થી ૨૯ઓઈ ની આસપાસ રહે છે, જે નવેમ્બર કરતાં સ્પષ્ટપણે ઓછું છે, એટલે કે દિવસ દરમિયાન પણ સુખદ ઠંડક અનુભવાય છે. જ્યારે રાત્રિનું તાપમાનઃ રાત્રિનું સરેરાશ તાપમાન ૧૦ઓઈ થી ૧૨.૫ઓઈ ની આસપાસ હોય છે. જોકે, ઉત્તર ભારતમાંથી આવતા ઠંડા પવનોની અસરને કારણે વાસ્તવિક લઘુત્તમ તાપમાન ઘણા દિવસો સુધી ૮ઓઈ કે તેનાથી પણ ઓછું (સિંગલ ડિજિટ) નોંધાઈ શકે છે. ડિસેમ્બર મહિનાની માહિતી તમને રાજકોટમાં શિયાળાની મુખ્ય તીવ્રતાનો ખ્યાલ આપશે.

રાજકોટમાં જાન્યુઆરી મહિનો એ શિયાળાનો સૌથી ઠંડો (પીક કોલ્ડ) મહિનો ગણાય છે. નીચે છેલ્લાં પાંચ વર્ષના (૨૦૨૧ થી ૨૦૨૫) જાન્યુઆરી મહિનાના સરેરાશ તાપમાનની વિગતો આપેલી છે

## રાજકોટમાં ડિસેમ્બર મહિનાનું સરેરાશ તાપમાન (૨૦૨૦-૨૦૨૪)

**ડિસેમ્બર એ રાજકોટમાં શિયાળાનો મુખ્ય મહિનો ગણાય છે, જ્યાં રાત્રિનું તાપમાન ઘણીવાર સિંગલ ડિજિટમાં પહોંચી શકે છે અને ઠંડીનો અનુભવ તીવ્ર બને છે.**

| વર્ષ | ડિસેમ્બરનું સરેરાશ મહત્તમ તાપમાન (દિવસનું) | ડિસેમ્બરનું સરેરાશ લઘુત્તમ તાપમાન (રાત્રિનું) | નોંધપાત્ર ઠંડીના દિવસો (આશરે) |
|---|---|---|---|
| **૨૦૨૪** | $27.5°C$ | $11.0°C$ | મહિનાના મધ્યથી અંત સુધી ઠંડીની લહેર |
| ૨૦૨૩ | $29.0°C$ | $12.5°C$ | મહિનાના અંતિમ ૧૦ દિવસોમાં |
| ૨૦૨૨ | $28.0°C$ | $10.0°C$ | બીજા અને ત્રીજા સપ્તાહમાં તીવ્ર ઠંડી |
| ૨૦૨૧ | $28.5°C$ | $11.5°C$ | મહિનાના અંતમાં (લઘુત્તમ $7-8°C$ સુધી ગયું) |
| ૨૦૨૦ | $27.8°C$ | $10.5°C$ | મહિનાના પ્રારંભિક અને અંતિમ ભાગમાં |
| સામાન્ય સરેરાશ | $28.16°C$ | $11.1°C$ | --- |

## જાન્યુઆરી મહિનાનું સરેરાશ તાપમાન (૨૦૨૧-૨૦૨૪)

**જાન્યુઆરી મહિનામાં જમ્મુ-કાશ્મીર અને હિમાચલ તરફથી આવતી ઠંડી લહેરો** (Cold Waves) **ની અસર ગુજરાત પર સૌથી વધુ જોવા મળે છે.**

| વર્ષ | જાન્યુઆરીનું સરેરાશ મહત્તમ તાપમાન (દિવસનું) | જાન્યુઆરીનું સરેરાશ લઘુત્તમ તાપમાન (રાત્રિનું) | coldest Day (Approx.) |
|---|---|---|---|
| ૨૦૨૪ | $27.0°C$ | $10.0°C$ | મહિનાના મધ્ય ભાગમાં |
| ૨૦૨૩ | $26.5°C$ | $9.5°C$ | બીજા સપ્તાહ દરમિયાન |
| ૨૦૨૨ | $27.5°C$ | $10.5°C$ | મહિનાના અંતિમ સપ્તાહમાં |
| ૨૦૨૧ | $26.8°C$ | $9.8°C$ | મહિનાના મધ્યમાં (સળંગ ઠંડા દિવસો) |

ખાસ કરીને જાન્યુઆરીમાં ઠંડીનું વલણ જોઈએ તો દિવસનું સરેરાશ તાપમાન લગભગ ૨૬ઓઈ થી ૨૭.૫ઓઈ વચ્ચે રહે છે, જે આખા વર્ષમાં સૌથી નીચું ગણાય છે. દિવસો સામાન્ય રીતે સની અને ખુશનુમા હોય છે, પણ હવામાં ઠંડકનું પ્રમાણ વધારે હોય છે. જાન્યુઆરીમાં રાત્રિનું સરેરાશ તાપમાન સિંગલ ડિજિટ (૯ઓઈ થી ૧૦.૫ઓઈ) ની નજીક હોય છે. ઠંડીની તીવ્રતા પર નજર કરીએ તો ઘણીવાર, તાપમાન ૫ઓઈ થી ૭ઓઈ સુધી નીચે જઈ શકે છે. આ તાપમાન ઘણા વર્ષોમાં સૌથી ઓછું નોંધાયેલું છે, જે ખેતીના પાકને અસર કરી શકે છે (જેમ કે હિમ અથવા પાળો પડવો). આ માહિતી દર્શાવે છે કે રાજકોટમાં જાન્યુઆરી એ વર્ષનો સૌથી ઠંડો મહિનો મનાતો હોય છે.

## ત્રણ વર્ષ દરમિયાન સૌથી વધુ ઠંડી ક્યાં અનુભવાઈ ?

ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ વર્ષના (૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ના શિયાળા) હવામાનના ડેટા પર નજર કરીએ તો ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ દરરોજ બદલાતું રહે છે, પરંતુ સામાન્ય વલણો અને સૌથી ઓછા તાપમાન નોંધાવતા સ્થળો વિષે જાણીએ તો ગુજરાતમાં શિયાળા દરમિયાન સૌથી વધુ ઠંડી (સૌથી ઓછું લઘુત્તમ તાપમાન) નોંધાવતું શહેર પરંપરાગત રીતે અને છેલ્લાં બે-ત્રણ વર્ષના ડેટા પ્રમાણે કચ્છ જિલ્લાનું, અબડાસા તાલુકાનું નલિયા શહેર રહ્યું છે. નલિયા ગુજરાતનું ''કોલ્ડ હબ'' (શીત મથક) ગણાય છે. જ્યારે પણ ઉત્તર ભારતમાંથી ઠંડા પવનો આવે છે, ત્યારે ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં નોંધાય છે. કારણકે નલિયા રણ વિસ્તારની નજીક આવેલું છે અને દરિયાકિનારાથી દૂર છે. આ વિસ્તાર ખુલ્લો અને રણથી પ્રભાવિત હોવાથી ઉત્તર દિશાના ઠંડા અને સૂકા પવનોની સીધી અસર થાય છે, જેના કારણે જમીન ઝડપથી ગરમી ગુમાવે છે અને તાપમાન સિંગલ ડિજિટમાં (ઘણીવાર ૫ઓઈ થી ૮ઓઈ ની વચ્ચે) પહોંચી જાય છે. અન્ય વૈકલ્પિક ઠંડા શહેરો વિષે પણ જાણવા જેવું છે.

ગાંધીનગર શહેર ઉત્તર ગુજરાતમાં આવેલું અને વૃક્ષો ઓછાં હોવાથી ઘણીવાર નલિયા પછીનું સૌથી ઠંડું શહેર બની જાય છે. વધુ પડતી ઠંડીની હરોળમાં ઘણી વખત ઉત્તર ગુજરાતના ડીસા અને પાલનપુર તેમજ સૌરાષ્ટ્રના અમરેલીનો પણ સમાવેશ થતો રહે છે.

**Local Weather Report and Forecast For: Rajkot Dated :Dec 07, 2025**




| Past 24 Hours Weather Data | |
|---|---|
| Maximum Temp(°C) (Recorded on 06/12/25) | 31.9 |
| Departure from Normal(°C) | 0.3 |
| Minimum Temp (°C) (Recorded. on 07/12/25) | 14.0 |
| Departure from Normal(°C) | -1.6 |
| 24 Hours Rainfall (mm) (Recorded from 0830 hrs IST of yesterday to 0830 hrs IST of today) | NIL |
| Relative Humidity at 0830 hrs (%) | 62 |
| Relative Humidity at 1730 hrs (%) (Recorded on 06/12/25) | 39 |
| Todays Sunset (IST) | 18:03 |
| Tomorrow's Sunrise (IST) | 07:14 |
| Moonset (IST) | 09:41 |
| Moonrise (IST) | 20:38 |

**7 Day's Forecast/Warnings**

| Date | Min Temp | Max Temp | Forecast | Warnings | RH 0830 | RH 1730 |
|---|---|---|---|---|---|---|
| 07-Dec | 14.0 | 32.0 | Clear sky | No warning | 60 | 40 |
| 08-Dec | 15.0 | 32.0 | Clear sky | No warning | 60 | 40 |
| 09-Dec | 15.0 | 33.0 | Clear sky | No warning | 55 | 35 |
| 10-Dec | 15.0 | 33.0 | Clear sky | No warning | 50 | 35 |
| 11-Dec | 14.0 | 32.0 | Clear sky | No warning | 50 | 35 |
| 12-Dec | 14.0 | 32.0 | Clear sky | No warning | 50 | 35 |
| 13-Dec | 14.0 | 31.0 | Clear sky | No warning | 50 | 35 |

## હિમ પડે તો ક્યાં ખેતપાકને નુકશાન થાય ?

આબોહવાના નિષ્ણાંતોનું કહેવું છે કે, શિયાળા દરમિયાન જો હિમ પડે તો કૃષિ ક્ષેત્રે અમુક પાકોને મોટું નુકશાન થાય છે. પણ હિમ ક્યારે પડે ? તાપમાનનો પારો ક્યા પહોચે ત્યારે હિમ પડ્યાની સ્થિતિ ઉભી થાય તે જોઈએ તો જ્યારે તાપમાન ૫ઓઈ થી નીચે જાય છે અને લાંબા સમય સુધી રહે છે, ત્યારે તે હિમ (Frost) માં પરિણમી શકે છે, જે આ પાકો માટે પણ નુકસાનકારક બની શકે છે, જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રનો મુખ્ય મસાલા પાક. જીરાના પાકને હિમ લાગવાથી મોટું નુકસાન થઈ શકે છે. એરંડાનો પાક પણ બળી જાય છે. ટામેટાં, મરચાં, વટાણા વગેરે શાકભાજીને પણ હિમથી નુકસાન થતું હોવાનું અનુભવી કૃષિકારો કહે છે. જો કે રાજકોટમાં પડતી ડિસેમ્બર-જાન્યુઆરીની સિંગલ ડિજિટ ઠંડી મોટાભાગના રવી પાક માટે અત્યંત ફાયદાકારક ગણાય છે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી તે હિમ (પાળા) નું સ્વરૂપ ન લે ત્યાં સુધી ફાયદાકારક રહે છે.

## જાન્યુઆરીમાં ઠંડી જામશેઃ હવામાન નિષ્ણાંતો શું કહે છે ?

રાજકોટમાં વર્તમાન શિયાળા (ડિસેમ્બર ૨૦૨૫ થી જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૨૬) દરમિયાન ઠંડી વધશે કે ઘટશે તે અંગેનું અનુમાન મુખ્યત્વે વૈશ્વિક હવામાન પેટર્ન અને ભારતીય હવામાન વિભાગ (IMD)ના લાંબા ગાળાના પૂર્વાનુમાનો પર આધારિત છે. હવામાન નિષ્ણાતો અને ઉપલબ્ધ અનુમાનોના આધારે, વર્તમાન શિયાળામાં રાજકોટ સહિત ગુજરાતમાં ઠંડી વધવાની (સરેરાશ કરતાં નીચું તાપમાન રહેવાની) શક્યતા વધુ છે. આવા અનુમાન પાછળના મુખ્ય પરિબળો વિષે હવામાન નિષ્ણાંતોનું કહેવું છે કે વૈશ્વિક સ્તરે આ વર્ષે લા નીનાની સ્થિતિ વિકસવાની કે ચાલુ રહેવાની શક્યતા છે. લા નીનાની અસરના કારણે ઉત્તર ભારતમાં શીત લહેરો ની તીવ્રતા અને આવૃત્તિ વધે છે. જ્યારે ઉત્તર ભારતમાં વધુ ઠંડી પડે છે, ત્યારે ગુજરાત (રાજકોટ) તરફ પણ ઠંડા પવનોનો પ્રવાહ વધે છે, જેના પરિણામે તાપમાન સામાન્ય કરતાં નીચું જઈ શકે છે અને ઠંડીની તીવ્રતા વધે છે. વેસ્ટર્ન દીસ્તાર્બંસ એટલે કે પશ્ચિમી વિક્ષોભની અસરોમાં જો શિયાળાની શરૂઆત અને મધ્યમાં પશ્ચિમી વિક્ષોભની પ્રવૃત્તિ વધુ સક્રિય હોય અને જમ્મુ-કાશ્મીર/હિમાલયમાં વધુ હિમવર્ષા થાય, તો તેના પછી આવતા ઠંડા પવનો ગુજરાતના તાપમાનને નીચે લાવે છે. જો આમ થાય તો આ વર્ષે શિયાળો વધારે લાંબો અને વધારે ઠંડો રહી શકે છે. ગુજરાતના હવામાન ખાતાનું વલણ સંભળાય છે કે જ્યારે ઉત્તર ભારતમાં શીત લહેરનું અનુમાન કરે છે, ત્યારે ગુજરાતમાં પણ તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ ઘટશે તેવું અનુમાન વ્યક્ત કરે છે, જેનાથી ઠંડી વધી શકવાની સંભાવના નકારી શકાતી નથી. આબોહવાના આવા પરિબળોને ધ્યાને લઈને આબોહવા તજજ્ઞોનું કહેવું છેકે વૈશ્વિક પરિબળો (ખાસ કરીને લા નીના) ને ધ્યાનમાં લેતા, રાજકોટમાં ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ઠંડીનું પ્રમાણ સામાન્ય સરેરાશ કરતાં વધારે રહેવાની અને તાપમાન સિંગલ ડિજિટ (૧૦ઓઈથી નીચે) સુધી વધુ વખત જવાની શક્યતા છે.

## ગુજરાતમાં સૌથી ઓછી ઠંડી (સૌથી વધુ લઘુત્તમ તાપમાન) ક્યાં ?

સૌથી ઓછી ઠંડી (એટલે કે જ્યાં લઘુત્તમ તાપમાન સૌથી ઊંચું રહે છે) તેવા શહેરો સામાન્ય રીતે દરિયા કિનારે આવેલા હોય છે અથવા દક્ષિણ ગુજરાતમાં હોય છે, કારણ કે દરિયાની અસરને કારણે તાપમાન વધુ નીચે જતું નથી.

છેલ્લાં બે-ત્રણ વર્ષના શિયાળાના ડેટા મુજબ, સૌથી ઓછી ઠંડી જે શહેરોમાં નોંધાઈ છે તેમાં વેરાવળ-પોરબંદરનો સમાવેશ એટલે થાય છે કે સૌરાષ્ટ્રનો દરિયાકિનારો (ગીર સોમનાથ જિલ્લો અને પોરબંદર જિલ્લો)માં આવેલો છે. દરિયાકિનારાના વિસ્તારોમાં રાત્રિનું તાપમાન ભાગ્યે જ ૧૫ઓઈ થી નીચે જાય છે, કારણ કે સમુદ્રનું પાણી ગરમી જાળવી રાખે છે. વેરાવળમાં લઘુત્તમ તાપમાન સામાન્ય રીતે ૧૫ઓઈ થી ૨૦ઓઈ ની વચ્ચે રહે છે, જે અન્ય શહેરોની સરખામણીમાં સૌથી ઓછી ઠંડી હોય છે.

જ્યારે અન્ય ઓછી ઠંડી ધરાવતા શહેરોમાં સુરત અને ઓખાનો પણ સમાવેશ થાય છે. સુરત દક્ષિણ ગુજરાતમાં આવેલું હોવાથી અને દરિયાની નજીક હોવાથી, અહીં ઠંડીનું પ્રમાણ ઓછું રહે છે. જયારે ઓખા પશ્ચિમી કિનારે આવેલું હોવાથી અહીં પણ તાપમાન પ્રમાણમાં ઊંચું રહે છે.

## નલિયામાં નોંધાયેલું રેકોર્ડબ્રેક સૌથી ઓછું તાપમાન

નલિયામાં સત્તાવાર રીતે નોંધાયેલું અત્યાર સુધીનું સૌથી નીચું લઘુત્તમ તાપમાન ૦.૦ઓઈ (શૂન્ય ડિગ્રી સેલ્સિયસ) અથવા તેની આસપાસ રહ્યું છે. આવી વિક્રમી ઠંડીની ઘટનાઓ જુદા જુદા વર્ષોમાં નોંધાઈ છે. અગાઉના સરકારી તેમજ ઇન્ટરનેટ આધારિત આંકડાઓ કહે છે કે, જાન્યુઆરી ૧૯૭૧માં નલિયામાં

# દસ ગણાની લાલચ આપી ૭૦ લાખની ઠગાઈ

## કંપની સેબી રજિસ્ટર્ડ હોવાનું કહી વિશ્વાસમાં લઈ બનાવટી સ્ટેટમેન્ટ મોકલીને રોકાણ કરાવ્યુ: સાયબર ક્રાઈમ દ્વારા સ્થાનિક તપાસ શરૂ

રાજકોટ: સાયબર ફ્રોડની વધુ એક ઘટના સામે આવી છે. શેરબજારના નામે લાખોનું ફ્રોડ થયું છે. અમદાવાદ શહેરના બોપલ-ઘુમા વિસ્તારમાં રહેતા અને ઇલેક્ટ્રોનિક્સનો હોલસેલ વેપાર કરતા એક વેપારીને શેરબજારમાં દસ ગણા વળતરની લાલચ આપીને કુલ રૂ. સિત્તેર લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

વિગતો જોઈએ તો આ અંગેની ફરિયાદ અમદાવાદ ગ્રામ્ય સાયબર સેલમાં નોંધાવવામાં આવી છે, જેના આધારે અમદાવાદ રેન્જ સાયબર ક્રાઈમે સઘન તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બોપલ-ઘુમામાં રહેતા વેપારી મહાવીર જૈનને ગત જુલાઈ મહિનામાં અજાણ્યા નંબર પરથી વિનોદ શર્મા નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો.

કોલ કરનારે પોતે એક જાણીતી શેર ટ્રેડિંગ કંપનીના કર્મચારી હોવાનું જણાવ્યું હતું અને દાવો કર્યો હતો કે તેમની કંપની સેબી દ્વારા પ્રમાણિત છે. શર્માએ મહાવીર જૈનને ઓફલાઈન ટ્રેડિંગમાં રોકાણ કરીને દસ ગણું વળતર મેળવવાની મોટી લાલચ આપી હતી.

વધુમાં, કોઈપણ કંપનીના ૧૦૦ જેટલા શેર ખરીદવા બદલ કોઈ કમિશન નહીં લેવાની વાત કરીને વેપારીને વિશ્વાસમાં લીધા હતા. એકવાર વિશ્વાસ કેળવાયા બાદ,




વોટ્સએપ પર રોકાણની સામે મોટો નફો બતાવતા બનાવટી સ્ટેટમેન્ટ્સ અને ડોક્યુમેન્ટ્સ મોકલવામાં આવતા હતા. આ છેતરપિંડીના ચક્કરમાં ફસાઈને મહાવીર જૈને ૮મી ઓગસ્ટથી ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન કુલ ૭૦ લાખ રૂપિયાની રકમ અલગ-અલગ ખાતાઓમાં જમા કરાવી હતી.

જોકે, ત્યારબાદ નફો ચૂકવવાના બદલે ગઠિયાઓએ ‘‘પ્રોસેસિંગ ફી‘‘ અને શેરબજારમાં ‘‘નુકસાનનો ડર‘‘ બતાવીને વધુ નાણાંની માંગણી શરૂ કરી હતી. આ માંગણીઓથી મહાવીરને શંકા ગઈ અને તેમણે તપાસ કરતાં જાણવા મળ્યું કે તેમની સાથે સાયબર ગઠિયાઓએ છેતરપિંડી આચરી છે. આ કેસની તપાસમાં સાયબર ક્રાઈમને જાણવા મળ્યું છે કે છેતરપિંડીની રકમ ઘોડાસર અને ગુજરાતની અન્ય બેંક શાખાઓમાં જમા કરાઈ હતી, જ્યારે અમુક નાણાં ઉંઝા, ઈડર અને પાલનપુર સ્થિત આંગડિયા પેઢીની શાખાઓ મારફતે મોકલાયા હતા. નાણાંનું આ પગેરું ગુજરાતની સ્થાનિક ગેંગની સંડોવણી તરફ ઈશારો કરે છે.

અમદાવાદ રેન્જની સાયબર ક્રાઈમ ટીમ દ્વારા ગુનેગારોને ઝડપી પાડવા માટે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

---

### કાલાવડ રોડ અવધના ઢાળ પાસે વીર સાવરકર આવાસ ક્વાર્ટરમાં હત્યાના ગુનાના આરોપીની ધમાલ

# પેરોલ પર છૂટેલા પતિનો પત્ની -દિકરી પર હુમલો

## કારથી ટક્કર મારી ઈજા પહોંચાડી જો છૂટાછેડા લેવાનું નામ લીધું છે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી દીધી: યુનિવર્સિટી પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ: શહેરના કાલાવડ રોડ અવધના ઢાળ પાસે વીર સાવરકર આવાસ યોજના વિસ્તારમાં છૂટાછેડાના વિવાદને લઈને એક ગંભીર ઘટના સામે આવી છે. હત્યાના ગુનામાં સજા કાપી રહેલા અને હાલ પેરોલ રજા પર આવેલા એક પતિએ પોતાની પત્ની અને માસૂમ દીકરીને કાર વડે ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આટલું જ નહીં, ઘટના બાદ ફોન કરીને પત્નીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.ઘટનાની વિગતો જોઈએ તો આ બનાવમાં ભૂમિકાબેન નીમાવત (ઉં.વ. ૩૮)એ ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનો પતિ હિમાંશુ નવીનચંદ્ર નિમાવત છેલ્લા દસ વર્ષથી હત્યાના ગુનામાં જેલમાં સજા કાપી રહ્યો છે અને હાલ પેરોલ રજા પર બહાર આવ્યો છે. ભૂમિકાબેન તેમની નવ વર્ષની દીકરી મહેક સાથે વીર સાવરકર આવાસ યોજનાના ક્વાટરમાં રહે છે. વધુ માહિતી અનુસાર સાંજે આશરે સવા ચાર વાગ્યાના અરસામાં ભૂમિકાબેન પોતાની દીકરી મહેકને એક્ટિવા પર ટ્યુશન મૂકવા જઈ રહ્યા હતા. તે જ સમયે, આવાસ યોજનાના ગેટ પાસે તેમના પતિ હિમાંશુભાઈએ પોતાની ફોર-વ્હીલર નંબર GJ-03-MB-4410 લઈને સામેથી આવીને સીધી એક્ટિવા સાથે અથડાવી દીધી હતી. આ રીતે કારની ટક્કરના કારણે ભૂમિકાબેન અને દીકરી મહેક એક્ટિવા સહિત નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં ભૂમિકાબેનને ડાબા પગમાં સાથળ પાસે મુંઢ ઈજા થઈ હતી, જ્યારે દીકરી મહેકને જમણા હાથની કોણીના ભાગમાં તથા ડાબા પગમાં છોલછાલ જેવી ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ પહોંચી હતી તેના મારફતે માતા-પુત્રીને સરકારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. ઘટના બાદ લોકો ભેગા થવા લાગતા પતિ હિમાંશુ કાર લઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જોકે, ભૂમિકાબેન પર બાદમાં તેનો ફોન આવ્યો હતો, જેમાં હિમાંશુએ તેને ’હું તને છૂટાછેડા નહીં આપું’ તેમ કહીને બેફામ ગાળો આપી હતી. જ્યારે ભૂમિકાબેને ગાળો આપવાની ના પાડી, ત્યારે પતિએ ફરીથી ધમકી આપી હતી કે ‘‘જો છૂટાછેડા લેવાનું નામ લીધું છે તો તને જાનથી મારી નાખીશ.‘‘ ભૂમિકાબેને આ સમગ્ર ઘટના અંગે પોતાના પિતાને જાણ કરી અને ત્યારબાદ પતિ હિમાંશુભાઈ નવીનચંન્દ્ર નીમાવત વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

# ચોરટાઓનો ઉપાડો યથાવત: સાઈટ પર મજૂરોને નિશાન બનાવ્યા

## કોઠારીયામાં ઊંઘતા મજૂરોના અડધા લાખના મોબાઈલ ચોરાયા

આજીડેમ પોલીસમાં જાણ કરવામાં આવી: ચાર મજૂરોના ફોન ઉપાડી જવાયા: બે ચોર નજર સામે જ ભાગી ગયા

રાજકોટ: શહેરમા ચોરટાઓએ ઉપાડો યથાવત રાખ્યો છે. મકાનો પછી હવે સાઇટ પર મજૂરોને નિશાન બનાવ્યા છે.

શહેરના કોઠારીયા વિસ્તારમાં આવેલી શ્રીજી કોર્નર સાઇટ પર કડીયાકામ કરતા ચાર શ્રમિકોના મોબાઈલ ફોનની ચોરી થતાં ચકચાર મચી ગઈ છે. મૂળ ઓડિશાના વતની એવા આ મજૂરો જ્યારે ખુલ્લી ઓરડીમાં સૂઈ રહ્યા હતા, ત્યારે વહેલી સવારે બે અજાણ્યા શખ્સો કુલ ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતના ચાર મોબાઇલ ફોનની ચોરી કરીને ભાગી ગયા હતા.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદી ૩૯ વર્ષીય સુરેન્દ્રભાઇ છત્રીભાઇ માઝીએ પોલીસને આપેલી વિગતો અનુસાર, તેઓ તેમના સાથી મિત્રો વિનોદ રાણા, જયસેન બાગ અને રવિન્દ્ર માઝી સાથે જેટકો કોઠારીયા સામે શ્રીજી કોર્નર સાઇટ પર ખુલ્લી ઓરડીમાં રહે છે અને કડીયાકામ કરે છે.

વધુ વિગતો મુજબ રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ જમીને આ ચારેય મિત્રો પોતપોતાના પથારી પાસે મોબાઇલ ફોન મૂકીને સૂઈ ગયા હતા. ત્યારબાદ, આજરોજ વહેલી સવારના આશરે ૧૨:૧૫ વાગ્યાની આસપાસ અચાનક કોઈ અવાજ થતાં તેઓ જાગી ગયા હતા. તેમણે જોયું તો, ત્યાં બે અજાણ્યા માણસો હાજર હતા. શ્રમિકોએ તેમને પકડવાનો પ્રયાસ કરતાં જ તે બંને શખ્સો ભાગી ગયા હતા.

ત્યારબાદ ફ્લેશલાઇટ ઓન કરવા માટે જ્યારે તેમણે પોતાના ફોન લેવા પ્રયાસ કર્યો ત્યારે માલુમ પડ્યું કે સુરેન્દ્રભાઈનો એપલ આઇફોન ૧૩(સફેદ કલરનો, વિનોદ રાણાનો સેમસંગ ગેલેક્ષી અ૨૧જ, જયસેન બાગનો પોકો ખ૬ અને રવિન્દ્ર માઝીનો મોટોરોલા ઊ૪૦ સહિત કુલ ચાર મોબાઇલ ફોન ચોરાઈ ગયા હતા. આ તમામ ફોનની કુલ કિંમત ૫૦,૦૦૦ રૂપિયા ગણવામાં આવી છે. શરૂઆતમાં મોબાઇલના બિલ ન હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો, પરંતુ બિલ મેળવ્યા બાદ સુરેન્દ્રભાઈએ હવે તેમના સાથી મિત્રો સાથે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે બે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

---

# ‘પોલીસમાં ઓળખાણ છે’ કહી ૩૯.૨૦ લાખ પડાવ્યા

## યુવકને પાંચ વર્ષ સુધી બહાના બતાવી ફેરવ્યા બાદ જેલની ધમકી

રાજકોટ: ઈસનપુર વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક રિઢા ગુનેગારે યુવકના મામાના ફસાયેલા જમીન વિવાદના રૂપિયા કઢાવી આપવાના બહાને પોતાની પોલીસમાં ’સારી ઓળખાણ’ હોવાનું કહી રૂપિયા ૩૯.૨૦ લાખની મોટી ઠગાઇ કરી છે. રૂપિયા લીધા બાદ ચાર વર્ષ સુધી કામ ટાળ્યું અને જ્યારે યુવકે પોતાના રૂપિયા પાછા માગ્યા ત્યારે આરોપીએ ’જેલ જોઈ લીધી છે’ કહીને ધમકી આપી હતી. આ અંગે ઈસનપુર પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઠગાઈની વિગત જોઈએ તો મણિનગરમાં રહેતા ૩૦ વર્ષીય સાગર જાટકીયાએ ઘોડાસરમાં રહેતા જયેશભાઇ ઠક્કર સામે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને ધમકીની ફરિયાદ નોંધાવી છે. સાગર અને આરોપી જયેશ ઠક્કરની મુલાકાત વર્ષ ૨૦૨૦માં શ્વાનને માર મારવાના એક કેસની ફરિયાદ દરમિયાન થઈ હતી, જેમાં સાગર એક ગ્રુપ ટીમ સાથે પહોંચ્યા હતા.

ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં સાગરના મામાના ઈસનપુર સ્થિત કેતનભાઈ પાસેથી જમીન અંગેના કેટલાક રૂપિયા લેવાના નીકળતા હતા. આ રકમ પાછી ન મળતા મામાએ પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કર્યું. સાગર મામાને લઈને ઈસનપુર પોલીસ સ્ટેશન ગયા હતા.

વિશ્વાસ કેળવ્યો: આ સમયે આરોપી જયેશ ઠક્કર સાગરને મળ્યો અને તેણે દાવો કર્યો કે પોલીસમાં તેની ’બહુ સારી ઓળખાણ’ છે. તેણે ખાતરી આપી કે તે વાત કરીને મામલો પતાવી દેશે અને કામ કરાવી આપશે.



નાણાંની માંગણી: જયેશે યુવકને કહ્યું કે કામ કરાવવા માટે પોલીસને ’વ્યવહાર’ કરવો પડશે અને સૌપ્રથમ ₹૭૦ હજારની માંગણી કરી. ત્યારબાદ, વિવિધ બહાના હેઠળ જયેશે યુવક પાસેથી હપ્તે-હપ્તે કુલ રૂપિયા ૩૯.૨૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા.ફરિયાદ મુજબ, રૂપિયા લીધા બાદ ચાર વર્ષ જેટલો સમય વીતી ગયો, છતાં જયેશ ઠક્કરે સાગરના મામાના ફસાયેલા રૂપિયા કઢાવી આપવાનું કોઈ કામ કર્યું ન હતું.

આખરે કંટાળીને સાગરે પોતાના ₹૩૯.૨૦ લાખ પરત માંગતા આરોપીએ ઉલટાની ધમકી આપી. આરોપી જયેશ ઠક્કરે યુવકને ધમકાવતા કહ્યું કે: ‘‘રૂપિયા મળશે નહીં, જે થાય તે કરી લે. મેં જેલ જોઈ લીધી છે અને મારા વિરુદ્ધ ઘણી ફરિયાદો થયેલી છે.‘‘આ રિઢા ગુનેગારની ધમકીથી ગભરાઈને અને છેતરાયા બાદ સાગર જાટકીયાએ ઈસનપુર પોલીસનો સંપર્ક કર્યો અને જયેશ ઠક્કર સામે છેતરપિંડી અને ધમકી આપવા બદલ ગુનો નોંધાવ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

### વેપારી એક વખત સ્પા પાર્લરમાં ગયા પછી યુવતિએ વારંવાર ફોન કરવાનું ચાલુ કર્યુ હતું

# મસાજ કરી ચાંદનીએ લાખો પડાવ્યા

## ખોટા કેસમાં ફસાવવાની ધમકી દઈ વીસ લાખ પડાવ્યા: કાવત્રામાં યુવતિ સાથે પતિ અને મળતીયો પણ સામેલ: સતત રૂપિયા દાગીના પડાવાયા: અંતે વેપારીએ પોલીસને પુરાવા સાથે કરી ફરિયાદ

રાજકોટ: અલગ અલગ રીતે યુવાનો, પ્રૌઢ અને વૃધ્ધોને ફસાવી બ્લેકમેઇલ કરી પૈસા પડાવવાના ખેલ અવાર-નવાર ખુલ્લા પડતાં હોય છે. દરમિયાન એક પ્રૌઢ વયના વેપારી મસાજ પાર્લરમાં મસાજ કરાવવા ગયા એ પછી તેમને આ મસાજ ભારે પડી ગયો હતો. યુવતિએ બ્લેકમેઇલ કરી તેમની પાસેથી વીસ લાખ પડાવી લીધા છે. યુવતિએ ખોટા કેસમાં ફસાવવાની ધમકી દઇ પોતાના પતિ અને બીજા મળતીયા સાથે મળી કાવત્રુ ઘડી પૈસા પડાવ્યા હતાં. પોલીસ સુધી આ મામલો પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો કિસ્સો અમદાવાદનો છે. શહેરના સાયન્સ સીટીમાં વિસ્તારમાં રહેતા એકાવન વર્ષીય વ્યક્તિને બોડકદેવમાં આવેલા એક સ્પામાં જઇને મસાજ કરાવવાનુ ભારે પડયું હતું. જેમાં મસાજ કરનાર યુવતીએ આધેડનો મોબાઇલ લીધા બાદ તેને બ્લેકમેઇલ કરીને અલગ અલગ સમયે દસ લાખ જેટલી રકમ પડાવી લીધી હતી અને મોબાઇલ ફોન તેમજ તેના ભાઇના લગ્ન માટે દાગીનાની ખરીદી કરી હતી. ત્યારબાદ યુવતી તેના પતિ અન્ય સ્પાના સંચાલક સાથે આવીને આધેડની શોપ પર આવીને વીસ લાખની માંગણી કરી હતી. જે આપવાની ના પાડતા મહિલાએ તેના પતિ અને અન્ય સાગરિત સાથે મળીને માર મારીને ધમકી આપવામાં આવી હતી. આ સમગ્ર મામલે વસ્ત્રાપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યું કે શહેરના સોલા સાયન્સ સીટી રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતા એકાવન વર્ષીય પ્રૌઢ આશરે દોઢ વર્ષ પહેલા બોડકદેવમાં ઝાયડસ હોસ્પિટલ પાસેના કોમ્પ્લેક્સમાં આવેલા સ્પા ઝોનમાં મસાજ માટે ગયા હતા. જ્યાં ચાંદની રાજપુત નામની યુવતીએ તેમને મસાજ કર્યુ હતુ અને કહ્યું હતું કે હવે જ્યારે પણ આવો ત્યારે પૈસા સીધા મને આપજો કેસ કાઉન્ટર પર આપતા



નહી. પરંતુ, ત્યારબાદ કિર્તને સ્પામાં જવાનું બંધ કર્યું હતું. થોડા દિવસ પછી ચાંદનીએ તેમને વારંવાર ફોન કરીને પરેશાન કરવાનું શરૂ કરી દીધું હતુ અને ખોટા કેસમાં ફસાવવાનુ કહીને નાણાં માંગવાનુ શરૂ કર્યું હતું.

જેથી ડરીને પ્રૌઢે ચાંદનીને છુટક છુટક કુલ ૧૦.૯૧ લાખ જેટલી રકમ આપી હતી. જે રકમ ચાંદનીના શક્તિ મોઢ, ભાઇ અવિનાશ મોઢ અને તેના પતિ મોહિત જૈનના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ ૬૬ હજારનો મોબાઇલ ફોન ઈએમઆઇ પર લેવડાવ્યો હતો. જેના હપ્તા આ પ્રૌઢ હજુ સુધી ભરે છે.

ત્યારબાદ પ્રૌઢે ચાંદનીને હવે બ્લેકમેઇલ ન કરવા અને નાણાં ન પડાવવા માટે કહ્યું હતુ. યુવતીએ બ્લેકમેઇલ કરી પતિ અને મળતિયા સાથે મળીને વીસ લાખ પડાવ્યા પછી પણ ચાંદની અને તેનો પતિ કિર્તનના ઘરે આવ્યા હતા અને ચાંદનીએ કહ્યું હતું કે તેના ભાઇના લગ્ન હોવાથી દાગીના ખરીદવાના છે. જે આપવાની ના પાડતા ફરી બદનામ કરવાની ધમકી આપતા પ્રૌઢે ડરીને ગત પચ્ચીસમી ઓક્ટોબરના રોજ વટવામાં આવેલા એક જ્વેલર્સ પોસેથી ૧.૮૬ લાખના દાગીના લઇને ચાંદનીને આપ્યા હતા. આ ઉપરાંત, છ લાખ રૂપિયા પણ ખર્ચ પેટે લઇ ગયા હતા. આ વ્યવહાર બાદ પ્રૌઢે ચાદની અને તેના મળતિયાઓને આજ પછી કોઇ સંબધ ન રાખવા માટે કહ્યું હતુ. પરંતુ તાજેતરમાં ફરીથી સાંજના સમયે પ્રૌઢ તેમની શોપ પર હતા ત્યારે ચાંદનીએ ફોન કરીને ૨૦ લાખની માંગણી કરી હતી. પંરતુ તેણે નાણાં આપવાની ના કહી હતી.

જો કે ચાંદની તેના પતિ અને બોડકદેવમાં આવેલા બ્લુ સ્પાનાસંચાલક ભાવીક સંઘવી સાથે આવી હતી અને મારમારી કરી હતી.

આ સમયે પ્રૌઢએ પોલીસ કંટ્રોલમાં ફોન કરતા પોલીસ આવી હતી. પરતુ, ચાંદની અને ભાવીક સંઘવીએ તે પહેલા ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપતા પ્રૌઢે પોલીસ કેસ કર્યો નહોતો. પરંતુ ત્યારબાદ તેમને ડર હતો કે ચાંદની ફરીથી તેને બ્લેકમેઇલ કરીને નાણાં પડાવશે. જેથી છેવટે તેમણે આ મામલે તમામ પુરાવા સાથે વસ્ત્રાપુર પોલીસમાં દાદ માંગી હતી. જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આમ મસાજ પાર્લરમાં ગયેલા વૃધ્ધને ખોટા કેસમાં ફસાવવાની ધમકી દઇ બ્લેકમેઇલ કરી યુવતિએ પોતાના પતિ અને મળતીયા સાથે કાવત્રુ ઘડી વીસ લાખ કટકટાવી લીધા હતાં. આ પ્રકારની ઘટનાઓથી બચાવ સાવધાન અને સતર્ક રહેવું જરૂરી છે. નજર હટી દુર્ઘટના ઘટી જેવું ન થાય તે જોવુ રહ્યું.

### સગીરાઓને ફસાવી જિંદગી બરબાદ કરતાં લેભાગુઓનો ઉપાડોઃ વધુ બે ઘટના

# તરૂણી પર ત્રીસ વર્ષના ઢગાનો બળાત્કાર

## કૂકર્મને કારણે બાળા સગર્ભા બની ગઇઃ ત્રીસ વર્ષના હવસખોર સામે પોલીસની કાર્યવાહીઃ બીજા બનાવમાં સોશિયલ મિડીયાથી છાત્રાને ફસાવી દૂષ્કર્મ

રાજકોટઃ ફ્રેન્ડશીપ અને પ્રેમના ઓઠા તળે લેભાગુ વિકૃતીયાઓ અવાર-નવાર સગીરાઓને પોતાની જાળમાં ફસાવી લેતાં હોવાના કિસ્સા સામે આવતા રહે છે. વધુ બે આવી ઘટના બની છે જેમાં પંદર વર્ષની બાળાને ત્રીસ વર્ષના ઢગાએ ફસાવી વારંવાર દૂષ્કર્મ આચરી ગર્ભ રાખી દઇ પછી તરછોડી દીધી હતી. બીજી ઘટનામાં બાવીસ વર્ષના શખ્સે પંદર વર્ષની છાત્રાને સોશિયલ મિડીયાથી ફસાવી મોબાઇલ નંબર મેળવી વાતો કરી ફસાવી વારંવાર દેહ પીંખ્યો હતો. આ બંને ઘટના પોલીસ સુધી પહોંચતા કાર્યવાહી કરવામાં આવી હતી.



પ્રથમ ઘટના જોઇએ તો વડોદરા શહેરના સમા વિસ્તારમાં ત્રીસ વર્ષીય યુવકે પંદર વર્ષીય સગીરા પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું અને સગીરાને ગર્ભવતી બનાવી હતી. સમા પોલીસે આરોપી સામે પોક્સો સહિત એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે અને આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ શહેરના સમા વિસ્તારમાં રહેતા ત્રીસ વર્ષીય જીતેન્દ્રસિંહ અર્જુનસિંહ ઝાલાએ પંદર વર્ષીય સગીરાને પોતાના પ્રમજાળામાં ફસાવી હતી. ત્યારે આ યુવક છેલ્લા એક વર્ષથી સગીરાના વાતચીત કરવાના બહાને તેના ઘરે અવાર-નવાર બોલાવી સગીરા સાથે વારંવાર તેની મરજી વિરુદ્ધ શારિરીક સંબંધ બાંધતો હતો. આને કારણે પંદર વર્ષની સગીરાને છ મહિનાનો ગર્ભ રહી ગયો હતો. છેલ્લા કેટલાક સમયથી દીકરી માસિક ધર્મમાં નહી આવતા તેની માતાને શંકા ગઇ હતી.

જેથી માતાએ તેને ડોક્ટર પાસે લઇ જઇને મેડિકલ ચકાસણી કરાવવામાં આવી હતી. ત્યારે સગીરાના પેટમા  છ મહિના ગર્ભ હોવાનું માલુમ પડતાં માતા ચોંકી ગઇ હતી. દિકરીને ફોસલાવીને પૃછા કરતાં તેણીએ સઘળી હકિકત જણાવતાં સગીરાના માતાએ સમા પોલીસ સ્ટેશનમાં વારંવાર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવનાર આરોપી જિતેન્દ્રસિંહ અર્જુનસિંહ ઝાલા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી જિતેન્દ્રસિંહ અર્જુનસિંહ ઝાલા સામે પોક્સો સહિત એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને પોલીસ દ્વારા આરોપીને અલગ-અલગ ટીમો બનાવી આરોપીને પકડી લેવા તજવીજ કરી હતી. પોલીસ દ્વારા પીડિત સગીરાનું મેડિકલ કરીને સગીરાના કુટુંબીજનોના નિવેદન લેવાની કાર્યવાહી પણ થઇ હતી.

બીજી ઘટના વડોદરા શહેરની છે. અહિના માણેજા વિસ્તારમાં રહેતા ઓમકાર મધુભાઇ સોલંકી નામના બાવીસ વર્ષના ઢગાએ સોશિયલ મીડિયા પરથી પંદર વર્ષીય સગીરા સાથે સંપર્કમાં આવ્યો હતો અને એકબીજાના મોબાઇલ નંબરની મેળવી લીધા હતી. ત્યારબાદ સતત ફોન પર ચેટિંગ તથા કોલથી વાતો કરતા રહેતા હતા. જેથી બંને વચ્ચે સંબંધ ગાઢ બન્યાં હતા. છ મહિનાથી બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાથી સગીરાને ફરવા લઇ જવાના બહાને ઇકો ચાલક ઓમકાર સોલંકીએ સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું.

પોલીસ સુત્રોના કહેવા મુજબ ફોન પર વાત કરતી સગીરાને તેના માતા પિતા જોઇ જતા તેની પુછપરછ શરૂ કરી હતી. જેથી સગીરાએ તેના માતા-પિતાને તમામ હકીકતથી વાકેફ કર્યાં હતા. ત્યારે તેના પરિવારના સભ્યોએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ઇકોચાલક વિરૂધ્ધ ફરિયાદ નોધાવતા પોલીસ દ્વારા આરોપી ઓમકાર સોલંકીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ મેડિકલ પણ કરાવવામાં આવ્યાં હતા. પોલીસે આરોપીની વધુ પૂછપરછ કરવા માટે પોલીસે તેને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવાયા હતાં અને વિશેષ કાર્યવાહી કરવામાં આવી હતી. આમ સોશિયલ મિડીયા થકી વધુ એક વખત લેભાગુએ બાળાને ફસાવી હોવાનો લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો હતો.

# રાજકોટ કોંગ્રેસ લીગલ સેલના ચેરમેન પદે એડવોકેટ મેઘરાજસિંહ ચુડાસમા

રાજકોટ, તા. ૭

રાજકોટના યુવા વકીલ મેઘરાજસિંહ એમ ચુડાસમા કે જેઓ ૨૦૧૭ થી રાજકોટની કોર્ટમાં ક્રિમિનલની પ્રેક્ટિસ કરે છે તેઓએ અથાગ મહેનતથી પોતાની આગવી પ્રતિષ્ઠિત પ્રમાણિક છાપ ઊભી કરેલ છે તેઓએ રાજકોટ કોર્ટમાં મહત્વના ચુકાદાઓ મેળવવામાં સિદ્ધિ હાસલ કરેલ છે તેઓ રાજપુત કરણી સેનાના પણ લીગલ સેલ પ્રમુખ છે તેઓ ન્યાયપ્રિય અને પ્રમાણિક છાપ ધરાવે છે ખૂબ જ નાની ઉંમરમાં વકીલાત ક્ષેત્રમાં એક અલગ છાપ ઊભી કરેલ છે હર હંમેશ લોકોની મદદ માટે તત્પર રહે છે હાલ તેઓ કોંગ્રેસ લીગલ સેલ તથા માનવ અધિકારના ચેરમેન બનેલ છે અમે આશા રાખીએ કે મેઘરાજસિંહ ચુડાસમા તેમાં પણ લોકોની મદદ અને ન્યાય અપાવવા તત્પર રહેશે.



# ડો.બાબા સાહેબને કોંગ્રેસની પુષ્પાંજલિ

## હોસ્પિટલ ચોકમાં પ્રતિમાને હારતોરા કરી ડો.બાબા સાહેબનો નિર્વાણ દિન ઉજવ્યો

રાજકોટ, તા.૭

બંધારણના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિપર મહાન નિર્વાણ દિવસ તેમની પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં હોસ્પિટલ ચોક ખાતેની આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હારતોરા કરવામાં આવ્યા હતા અને હોસ્પિટલ ચોકમાં ''જબ તક સુરજ ચાંદ રહેગા, બાબા સાહેબ આપકા નામ રહેગા, ''ડો. આંબેડકરજી અમર રહો'' ના નારા સાથે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા હોસ્પિટલ ચોક ગજાવ્યો હતો. પુષ્પાંજલિના કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ ડો. રાજદીપસિંહજી જાડેજા, ડો. હેમાંગભાઇ વસાવડા, ડી પી મકવાણા, શહેર અનુસૂચિત જનજાતિના ચેરમેન રમેશ ડૈયા, દીપ્તિબેન સોલંકી, ગીરીશભાઈ પટેલ, જગુભા જાડેજા, સંજયભાઈ અજુડીયા, નરેશભાઈ સાગઠીયા, શાંતાબેન મકવાણા, અશોકભાઈ વાળા, નરેશભાઈ પરમાર, મિલિંદ પરમાર, જગદીશભાઈ સાગઠીયા, મેરૂનબેન કુરેશી, જયાબેન ચૌહાણ, ભાવનાબેન વાઘેલા, અરવિંદ મુછડીયા, જયદીપ મયાત્રા, સલીમભાઈ કારિયાણી, દિલીપભાઈ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, ધર્મેશ સોલંકી, જલ્પેશ વાઘેલા, હરેશભાઈ પરમાર, સલીમભાઈ કારીયાણીયા સહિતના રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




# આટકોટમાં SMCનો સપાટો સવા બે કરોડનો દારૂ પકડાયો

## રાજસ્થાનના બાડમેરના જોગારામ જાટ અને સગીર પકડાયાઃ ચારના નામ ખુલ્યા






રાજકોટ, તા. ૭

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનનો એક મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. બાપાસીતારામ હોટલના પાર્કિંગમાં પાડવામાં આવેલા આ દરોડામાં રૂપિયા ૨,૨૨,૬૨,૩૧૯ની કિંમતની ૨૬,૭૨૪ બોટલ વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે, જે કુલ ૨,૪૭,૯૫,૪૧૯ના મુદ્દામાલનો ભાગ છે.

દરોડા દરમિયાન, વિદેશી દારૂ ઉપરાંત એક વાહન (કિંમત ૨૫,૦૦,૦૦૦), ત્રણ મોબાઈલ ફોન (કિંમત ૩૦,૦૦૦), અને રોકડ રકમ ૩,૧૦૦ સહિત કુલ ૨,૪૭,૯૫,૪૧૯નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે પ્રોહિબિશન એક્ટની કલમો ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તેમજ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમો ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) અને ૨૩૮ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોના કહેવા મુજબ જપ્ત કરાયેલ વિદેશી દારૂનો જથ્થો પંજાબ સ્થિત ત્રણ મુખ્ય ડિસ્ટિલરીઓમાંથી આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ડિસ્ટિલરીઓમાં અમૃતસર, પંજાબની યુનાઈટેડ સ્પિરિટ લિ. (ખાસા), ભટિંડા, પંજાબની ઓમ સન્સ માર્કેટિંગ પ્રા. લિ., અને મોહાલી, પંજાબની પર્નોડ રિકાર્ડ ઈન્ડિયા પ્રા. લિ.નો સમાવેશ થાય છે.

પોલીસે આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે અને તેમને આટકોટ પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના રામસર કા કુવા ખાતે રહેતા જોગારામ માલારામ જાટ (ડ્રાઇવર) અને અન્ય એક બાળ આરોપીનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, આ કેસમાં અન્ય ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વોન્ટેડ આરોપીઓમાં મુખ્ય સપ્લાયર, રાજસ્થાનના ફતેહપુર, સિકરનો રહેવાસી અનિલ જગદીશપ્રસાદ પંડ્યા, તેમજ વિસલવાડી, મહારાષ્ટ્રનો એક અજાણ્યો વ્યક્તિ (જે અનિલ પંડ્યાનો નોકર છે) સામેલ છે. વોન્ટેડની યાદીમાં બલ્કર ટેન્કર નંબર RJ09GB5960ના માલિક અને આટકોટ, રાજકોટ ખાતે દારૂ લેનાર (રિસીવર) અજાણ્યા વ્યક્તિનો પણ સમાવેશ થાય છે. આ દરોડો એસએમસીના પીએસઆઈ એસ. વી. ગલચર અને ટીમ દ્વારા પાડવામાં આવ્યો હતો.

### ઘર હોય ત્યાં વાસણ ખખડે પણ ડખ્ખા વકરે તો આવે માઠા પરિણામ

# પત્નીના ત્રાસથી પતિનો આપઘાત

## પિતાને મેસેજ કરી કહ્યું-પપ્પા હું મારી પત્નિ અને તેના ઘરનાઓના ત્રાસથી પરેશાન થઇ ગયો છું, હું  ગળાફાંસો ખાઇને મરી જાઉ છુંઃ પત્નિના અન્ય સાથે હતાં આડાસંબંધ, પતિને ખબર પડતાં ખોટા કેસમાં ફસાવવાની આપતી હતી ધમકીઃ પત્નિ વિરૂદ્ધ દાખલ થઇ એફઆઇઆર

રાજકોટઃ ઘર હોય ત્યાં વાસણ ખખડે એવી કહેવત છે. એટલે કે અમુક દંપતિ વચ્ચે કોઇને કોઇ મુદ્દે કજીયા કંકાસ થતાં હોય છે. પરંતુ બાદમાં ઘીના ઠામમાં ઘી પડી જતુ હોય છે. પરંતુ અમુક વખત આવા કજીયા કંકસા હદ વટાવી જાય ત્યારે તેનું માઠુ પરિણામ આવતું હોય છે. તાજેતરમાં રાજકોટમાં આવી જ એક ઘટનામાં સતત ગાળો ભાંડી ત્રાસ આપતી પત્નિને ખુદ પતિએ જ પતાવી દીધી હતી. દરમિયાન એક ઉલ્ટી ગંગા જેવો કિસ્સો બન્યો છે જેમાં પત્નિના અસહ્ય ત્રાસથી કંટાળી જઇ એક પતિએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી છે. પત્નિને અન્ય પુરૂષ સાથે આડાસંબંધો હતાં તેમજ પતિને ખોટા કેસમાં ફસાવી દેવાની સતત ધમકીઓ આપતી હતી.

આ ચોંકાવનારી ઘટના વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં બની છે. અહિ રહેતા પરિણીત યુવકની પત્નિખોટી રીતે ઝઘડા કરીને પિયર જતી રહેતી હતી. આ ઉપરાંત પત્નિના અન્ય પુરૂષ સાથેના અને તે સંબંધો બાબતે જાણ થતા પત્નિએ પતિને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. જેથી કંટાળીને આ યુવાને પોતાના  પિતાને મેસેજ કર્યો હતો કે પપ્પા હું આ લોકોથી ખૂબ પરેશાન થઈ ગયો છું, તો મરી જાઉં છું. મુસ્કાન અને એના મમ્મી પપ્પા મને ખૂબ હેરાન કરે છે, તો મરી.જાઉં છું. પત્નીથી કંટાળી પતિએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.





આ ઘટનાને પગલે પોલીસે આપઘાત કરનાર યુવાનના પિતાની ફરિયાદના આધારે મૃતકના  પત્નિ સામે પતિને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણા આપવાનો ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી દેસાઈ કોલોનીમાં રહેતા દાઉદભાઈ રસુલભાઈ બેલીન એ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, મારા દીકરા સઈદના લગ્ન યુસૂફભાઈ પરમારની દીકરી મુસ્કાન સાથે સમાજના રીતરિવાજ મુજબ વર્ષ ૨૦૨૦માં થયા હતા. મારા દીકરાના લગ્ન જીવન દરમ્યાન ત્રણ વર્ષની દીકરી છે. લગ્ન બાદથી જ મારા દીકરા સઈદ તથા તેની પત્ની મુસ્કાન વચ્ચે અવારનવાર નાની મોટી વાતે ઝઘડા થતાં હતા અને મારા દીકરાની પત્ની મુસ્કાન તેના પિયર જતી રહેતી હતી.

દરમિયાન  મારા દીકરા સઈદને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી મહિલા પોલીસ સ્ટેશન કારેલીબાગ ખાતે અરજી કરી હતી, જે બાબતે મારા દીકરા સાથે અંદરોઅંદર સમાધાન કરી લીધું હતું. મારા દીકરા સઈદની વહુ મુસ્કાન પર પુરુષ સાથે અનૈતિક સંબંધ રાખતી હતી અને અવાર નવાર તેની સાથે ફોનથી વાતચીત કરતી હતી, જેની જાણ મારા દીકરા સઈદને થતાં મારો દીકરો ટેન્શનમાં રહેતો હતો અને મુસ્કાનના પરપુરુષ સાથેના અનૈતિક સંબંધ બાબતે મારી વહુ મુસ્કાનને કહેવા જતાં તે મારા દીકરા સઈદને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતી હતી. ત્યારબાદ રોજ હું મારી નોકરી માણેજા ખાતે નોકરી ઉપર હાજર હતો તથા મારી પત્નિ શહેનાઝ મારા મોટાભાઈના દીકરાની ખબર કાઢવા આશીર્વાદ હોસ્પિટલ તુલસીધામ ચાર રસ્તા માંજલપુર ખાતે ગયેલ હતી. તે વખતે ઘરે મારી દીકરી સઈદ તથા તેની પત્નિ મુસ્કાન હાજર હતા.

એ પછી બપોર સમયે મારા દીકરાએ મને વોટ્સએપમાં મેસેજ કર્યો હતો કે પપ્પા હું આ લોકોથી ખૂબ પરેશાન થઈ ગયો છું, તો મરી જાઉં છું. મુસ્કાન અને એના મમ્મી પપ્પા મને ખૂબ હેરાન કરે છે, તો મરી.જાઉં છું. જેથી મે તાત્કાલિક મારા દીકરા સઈદના ફોનમાં ફોન કરેલ પરંતુ તેણે ફોન ઉઠાવ્યો ન હતો. થોડીવાર બાદ મારા ફોનમાં મારા ભત્રીજા સાહરૂખ બેલીમનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, કાકા સઈદે ઘરે ગળેફાંસો ખાઈ લીધો છે. અમે તેને ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જઈએ છીએ તમે તત્કાલિક હોસ્પિટલ આવી જાઓ. જેથી હું તાત્કાલિક હોસ્પિટલ ખાતે ગયો હતો.

જ્યાં જઈ જોતાં મારો દીકરો સઈદ મૃત્યુ પામેપલો જોવા મળ્યો હતો.  આ મામલે મેં મુસ્કાન સામે મકરપુરા પોલીસ સ્ટેશનમાં આપઘાત માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. અનેક એવા દંપતિ હોય છે જેની વચ્ચે કજીયા કલેશ સર્જાતા હોય છે. પરંતુ જો તેનું સમયસર નિવારણ ન થાય તો આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે.

# નાકરાવાડીનો વિકાસ કરવામાં તંત્ર વામણું

## મનપાએ ડમ્પીંગ સાઈટને અદ્યતન બનાવવાનો લીધો નિર્ણય ખર્ચ મંજૂર છતાં કામગીરી માત્ર નામની

### અત્યંત મહત્વપૂર્ણ ગણાતી નાકરાવાડી માટે તંત્રની ઉદાસીનતા કેમ ?



રાજકોટ, તા. ૨૩

રાજકોટ નજીક આવેલા નાકરાવાડી ખાતે રાજકોટના કચરાનો નિકાલ કરવામાં આવે છે. જ્યાં હાલ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ પ્લાન્ટ તૈયાર થઈ જતા દરરોજ રાજકોટના ૧૦૦૦ ટન ઘન કચરાનો નિકાલ થશે. આ કચરાના નિકાલ સાથે વીજળી પણ ઉત્પન્ન કરવામાં આવશે. એટલે કે રાજકોટના ઉકરડાઓમાંથી હવે ઉજાશ પથરાશે. પરંતુ હજુ સુધી આ ઉજાસ પથરાણી નથી રાજકોટનો તમામ પ્રકારનો કચરો નાકરાવાડી ડમ્પીંગ સાઇટ ખાતે મૂકવામાં આવે છે જે અત્યંત જોખમી જગ્યા છે કારણકે એ જગ્યા એટલી હદે ગંદકી થી ભરપુર છે કે જેના પર ચાલવું તે પણ સૌથી મોટું જોખમ છે. નાકરાવાડી માં સ્થાનિક લોકોએ પણ અનેક પ્રશ્નો ઊભા કર્યા હતા જેમાં સ્વાસ્થ્યનો પ્રશ્ન સૌથી મોટો છે આ માટે મહાનગરપાલિકા દ્વારા એક એકવાર નહીં અનેકવાર આ અંગે અનેક વચનો આપ્યા છે પરંતુ જ્યારે વાત નાકરાવાળી ની આવે ત્યારે તે વચનો જાણે પૂર્ણ જ ન થતા હોય તો નવાઈ નહીં. હાલ નાકરાવાડીને લઈને અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ડિસ્પોઝિંગ કરતી કંપનીનું ટેન્ડર પણ હાલ થોડા સમય પહેલા જ કરવામાં આવ્યું હતું. એ વાત સત્તાધીશો એ ધ્યાને રાખવા જેવી છે કે નાકરાવાડી ડમ્પીંગ સાઈડ ખાતે સમગ્ર રાજકોટનો કચરો એકઠો કરવામાં આવે છે. ત્યારે ખરા અર્થમાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી તે ખૂબ જરૂરી છે અહીં ગંદકી એ હદે જોવા મળે છે કે અહીં અંદર આવતા લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાય. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. હાલ રાજકોટનો વિકાસ દિન પ્રતિદિન થઈ રહ્યો છે ત્યારે કચરાનું પ્રમાણ પણ એટલા અંશે જ વધી રહ્યું છે જ્યાં સુધી યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે ત્યાં સુધી આ દુષણ રાજકોટની હવાને પ્રદૂષિત કરશે અને સ્વાસ્થ્ય સાથે પણ ચેડા કરી શકે છે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મહાનગરપાલિકાને ખૂબ મોટી ગ્રાન્ટ મળી રહી છે પરંતુ આ ગ્રાન્ટનો ઉપયોગ કેવી રીતે અને કયા કરવો અને કેટલા પ્રમાણમાં કરવો તેનું કદાચ મનપા અવલોકન કરી શકતું નથી અને પરિણામ સ્વરૂપે આજે પણ નાકરાવાડી માં જે વિકાસ થવો જોઈએ તે થઈ શક્યો નથી અને ડમ્પીંગ સાઈટ જાણે મરણ પથારીએ પડી હોય તેવું લાગી રહ્યું છે. નાકરાવાડી ડમ્પિંગ સાઈટ ખાતે અનેકવિધ સુવિધાઓ હજુ ઊભી કરવાની બાકી છે તેની અમલવારી આજ દિન સુધી કરવામાં આવી નથી જે ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા કરે છે. વાહન લઈને નાકરાવાડી ડમ્પિંગ સાઈટ ખાતે જવું ખૂબ કપરું છે કારણ કે કચરાનો એટલો ગંજ જોવા મળે છે કે વાહનના ટાયર પણ અંદર ખુંચી જાય.

કેન્દ્ર સરકાર અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મહાનગરપાલિકાને ખૂબ મોટી ગ્રાન્ટ મળી રહી છે અને તે માટેના પ્રોજેક્શન પણ મહાનગરપાલિકા દ્વારા કરી લેવામાં આવ્યા છે પરંતુ હવે હકીકત એ છે કે જ્યારે પ્રોજેક્શન થઈ ગયા હોય પરંતુ તેની અમલવારી થઈ શકતી નથી.

મળતી માહિતી મુજબ નાકરાવાડી લેન્ડફિલ સાઈડ ખાતે બહારના ભાગમાં દિવાલ બનાવવાનું કામ મંજુર થયું છે સાથોસાથ પાણીનો ટાંકો બનાવવાનું કામ પણ મંજૂર કરવામાં આવેલું છે તો બીજી તરફ હાલ લેન્ડફિલ સાઈડ ખાતે જે વેબ બ્રિજ છે તેને લંબાવવા માટે અને નવા સિક્યુરિટી રૂમ ઊભા કરવા માટે પણ ખર્ચ મંજુર કરી દેવામાં આવ્યો છે જે હજુ સુધી પૂર્ણ થયું નથી આ અંગેની રજૂઆત એક વખત નહીં અનેક વખત કરવામાં આવી પરંતુ કોઈ સંબંધિત વિભાગના અધિકારીઓ ખોલ આપતા નથી.

નાકરાવાડી એક એ જગ્યા છે કે જ્યાં સમગ્ર રાજકોટનો કચરો ભેગો કરવામાં આવે છે ત્યારે ખરા અર્થમાં મહાનગર પાલિકાએ આ વિસ્તારને ઝડપભેર અધ્યતન બનાવવો જોઈએ જેથી આસપાસ રહેતા લોકોને સહેજ પણ હેરાનગતિનો સામનો ન કરવો પડે પરંતુ મહાનગરપાલિકા માટે ક્યાંકને ક્યાંક નાકરાવાડી પ્રાથમિકતા ન હોય તેવું હાલ ચિત્ર ઊભું થયું છે. સવિશેષ વાત કરવામાં આવે તો નાકરાવાડી જેવા અનેકવિધ પ્રોજેક્ટ મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવતા હોય છે પરંતુ તેમાં જ્યારે લોકોનું સીધું જ હિત સંકળાયેલું હોય તે પ્રકારના પ્રોજેક્ટ ઝડપભેર અને જેટ ગતિએ પૂર્ણ કરવામાં આવતા હોય છે પરંતુ ક્યાંકને ક્યાંક મહાનગરપાલિકાના અધિકારીઓની ઉદાસીનતાના પગલે હાલ જે સ્થિતિ જોવા મળી રહી છે તે મુજબ નાકરાવાડી ખાતે હજુ પણ એકાદ વર્ષ જેટલો સમય વીતી જાય તો પણ આ મંજુર થયેલી કામગીરી પૂર્ણ થશે નહીં.

મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ યોજનાઓની જાહેરાત કરી દેવામાં આવતી હોય છે પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે આ તમામ આયોજનને પહોંચી વળવા માટે યોગ્ય સમય અથવા તો જે સમય મર્યાદા નક્કી કરવામાં આવી હોય તેમાં કોઈ કાર્ય થઈ શકતું નથી જેના કારણે અનેકવિધ પ્રોજેક્ટ આજે પણ અધઃતાલ જોવા મળી રહ્યા છે.

નાકરાવાડીને પણ અધ્યતન બનાવવાનો લક્ષ્યાંક મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો પરંતુ કરુણતા એ છે કે આજે પણ એ સાઈટ જે રીતે વિકસિત થવી જોઈએ તે થઈ શકી નથી અને વિરોધ ના વંટોળમાં જ જોવા મળી રહી છે.

ક્યાંક ને ક્યાંક મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા એટલો સારો દેખાવ કરવામાં આવતો હોય છે કારણ કે આ જગ્યા ની આસપાસ ખૂબ વિશાળ પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે એટલું જ નહીં નાકરાવાળી લેન્ડફિલ સાઈડ ખાતે મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું છે પરંતુ જે ખરા અર્થમાં જરૂરી છે તે કામ આજ દિન સુધી ચાલુ થયું પણ નથી ત્યારે હવે આ કામગીરી ક્યારે શરૂ થશે તે સૌથી મોટો પ્રશ્ન છે.

### નાકરાવાડીનું વાતાવરણ જોખમી : વૃક્ષારોપણ નથી હલ

**નાકરાવાળી ડમ્પિંગ સાઈડ અત્યંત જોખમી હાલતમાં જોવા મળે છે ગંદકીનો ગંજ એટલી હદે વિકરાળ થયો છે કે જેનું નિવારણ કરવું ખૂબ જરૂરી છે ત્યારે ડમ્પીંગ સાઈડથી પહેલા આવેલી મહાનગરપાલિકાની જગ્યામાં મનપાએ મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણ કર્યું છે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે આ વૃક્ષારોપણ નો ફાયદો જે મળવો જોઈએ તે કેવી રીતે મળશે તેનો કોઈ અંદાજો નથી.**



### નાકરાવાડી અદ્યતન બનાવવા માટે હજુ ઘણા કામો બાકી

**કોઈપણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે તો તેને વધુને વધુ અદ્યતન બનાવવા માટેના પ્રયત્નો સમયાંતરે કરવામાં આવવા જોઈએ કારણકે જે યોજના અમલી બનાવવામાં આવી હોય તે કોઈ નિર્ધારિત સમયને ધ્યાને લઈને હાથ ધરાઈ હોય પરંતુ જેમ જેમ વિકાસ થતો જાય તેમ તેમ તે યોજનાને અપગ્રેડ કરવી એટલી જ આવશ્યક બની જતી હોય છે. હાલ જે તે સમયે બનાવવામાં આવેલી નાકરાવાડી ખાતે પહેલા જે કચરો આવતો તેની સાપેક્ષમાં હાલ કચરાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે ત્યારે યોગ્ય વિભાજન થઇ શક્યો અને યોગ્ય ઉકેલ અને નિકાલ થાય તે માટે આ નાકરાવાળી ને વિકસિત કરવી એટલી જ આવશ્યક છે જેને મનપા કરી શકી નથી.**

**સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મળેલી મહાનગરપાલિકાને ગ્રાન્ટ બાદ જરૂરી હેડ હેઠળ ખર્ચ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા પ્રોજેક્શન કરવામાં આવ્યું જે માટે નાકરા વાડીમાં કુલ ૧૪.૩૩ કરોડના ખર્ચે અદ્યતન બનાવવાનો પ્લાન મૂકવામાં આવ્યો જેમાં માત્ર આજ દિન સુધી ૧.૬૯ કરોડના કામ પૂર્ણ થયા છે બાકી જે જરૂરી કામો છે કે પાણીનો ટાંકો બનાવો અથવા તો વેબ્રિજ લાંબો કરવો નવું સિક્યુરિટી રૂમ ઊભો કરવો અને આવનાર મુલાકાતઓ માટે પાર્કિંગ તથા વોચ ટાવર ઉભો કરવો આ તમામ કામ હજુ પણ અધઃતાલ છે અને તેની શરૂઆત પણ થઈ નથી જે સૌથી મોટો પ્રશ્ન ઉભો કરે છે.**

---

## ચેતજો... ખતરે કી ઘંટી

### સપ્તાહમાં પણ કોઈ સુધારો નહીં : લોકોના સ્વાસ્થ્ય પર આફત , બીજી ડિસેમ્બરે સરેરાશ એર ક્વોલીટી ઈન્ડેક્ષ 191 રહ્યો.

રાજકોટ, તા. ૭: એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) એ દૈનિક હવા ગુણવત્તા રિપોર્ટિંગ ઈન્ડેક્સ છે. તે માપે છે કે ટૂંકા ગાળામાં વાયુ પ્રદૂષણ વ્યક્તિના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે. AQI નો હેતુ લોકોને સમજવામાં મદદ કરવાનો છે કે સ્થાનિક હવા ગુણવત્તા તેમના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે. પર્યાવરણીય સુરક્ષા એજન્સી (EPA) પાંચ મુખ્ય વાયુ પ્રદૂષકો માટે AQI ની ગણતરી કરે છે જેના માટે જાહેર આરોગ્યને સુરક્ષિત રાખવા માટે રાષ્ટ્રીય હવા ગુણવત્તા ધોરણો સ્થાપિત કરવામાં આવ્યા છે.

AQI મૂલ્ય જેટલું ઊંચું હશે, વાયુ પ્રદૂષણનું સ્તર એટલું ઊંચું હશે અને આરોગ્યની ચિંતાઓ એટલી જ વધારે હશે. છેલ્લા ત્રણ દાયકાથી ઘણા વિકસિત દેશોમાં અચઈ ખ્યાલનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. AQI ઝડપથી વાસ્તવિક સમયની હવા ગુણવત્તાની માહિતીનો પ્રસાર કરે છે.

વિવિધ દેશો હવા ગુણવત્તાની જાણ કરવા માટે વિવિધ પોઈન્ટ સ્કેલનો ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે, યુનાઈટેડ સ્ટેટ્સ ૫૦૦-પોઈન્ટ સ્કેલનો ઉપયોગ કરે છે, જેમાં ૦ અને ૫૦ વચ્ચેનું રેટિંગ સારું માનવામાં આવે છે. ૩૦૧ અને ૫૦૦ વચ્ચેના રેટિંગને જોખમી ગણવામાં આવે છે.

ભારત પણ એ જ ૫૦૦-પોઈન્ટ સ્કેલને અનુસરે છે. દરરોજ, મુખ્ય પ્રદૂષકોની રેકોર્ડ સાંદ્રતાનું નિરીક્ષણ કરવામાં આવે છે. આ કાચા માપને ઊઝ્અ દ્વારા વિકસિત પ્રમાણભૂત સૂત્રનો ઉપયોગ કરીને દરેક પ્રદૂષક (જમીન-સ્તરનું ઓઝોન, કણ પ્રદૂષણ, કાર્બન મોનોક્સાઇડ અને સલ્ફર ડાયોક્સાઇડ) માટે અલગ અચઈ મૂલ્યમાં રૂપાંતરિત કરવામાં આવે છે. તે દિવસ માટે સૌથી વધુ અચઈ મૂલ્ય અચઈ મૂલ્ય તરીકે નોંધવામાં આવે છે.

### હવા ગુણવત્તા સૂચકાંક શ્રેણીઓ

**૧. – સારી (૦–૫૦) – ઓછી અસર**
**૨. – સંતોષકારક (૫૧–૧૦૦) – સંવેદનશીલ વ્યક્તિઓ શ્વાસ લેવામાં કેટલીક તકલીફો અનુભવી શકે છે.**
**૩. – મધ્યમ પ્રદૂષિત (૧૦૧–૨૦૦) –**
**૪. અસ્થમા જેવી ફેફસાની સ્થિતિ ધરાવતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે, અને હૃદયની સ્થિતિ ધરાવતા લોકો, બાળકો અને વૃદ્ધોને સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે.**
**૫. – ખરાબ (૨૦૧–૩૦૦) –**
**૬. લાંબા ગાળાના સંપર્કમાં રહેવાથી લોકો માટે શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે, અને હૃદય રોગ ધરાવતા લોકોને સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે.**
**૭. – ખૂબ ખરાબ (૩૦૧–૪૦૦) –**
**૮. લાંબા ગાળાના સંપર્કમાં રહેવાથી લોકો માટે શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. ફેફસાં અને હૃદયની સ્થિતિ ધરાવતા લોકો વધુ પ્રભાવિત થઈ શકે છે.**
**૯. – ગંભીર (૪૦૧૫૦૦) –**
**૧૦. સ્વસ્થ લોકોમાં શ્વાસ લેવામાં તકલીફ અને ફેફસાં અને હૃદયની બીમારી ધરાવતા લોકોમાં ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. હળવી શારીરિક પ્રવૃત્તિ દરમિયાન પણ મુશ્કેલીઓનો અનુભવ થઈ શકે છે.**



## રાજકોટનો AQI સરેરાશ 150ને પાર

### હવા ગુણવત્તા સૂચકાંકના હેતુઓ

વિવિધ સ્થળો/શહેરોમાં હવા ગુણવત્તાની સ્થિતિની તુલના કરવા. તે અચોક્કસ ધોરણો અને અપૂરતા દેખરેખ કાર્યક્રમોને ઓળખવામાં પણ મદદ કરે છે. AQI હવા ગુણવત્તામાં ફેરફારો (સુધારાઓ અથવા બગાડ)નું વિશ્લેષણ કરવામાં મદદ કરે છે. અચઈ લોકોને પર્યાવરણીય પરિસ્થિતિઓ વિશે માહિતગાર કરે છે. આ ખાસ કરીને એવા લોકો માટે ફાયદાકારક છે જેઓ વાયુ પ્રદૂષણને કારણે વધતા અથવા બગડેલા રોગોથી પીડાઈ રહ્યા છે.

### AQI કેવી રીતે કાર્ય કરે છે?

AQI ખૂબ જ સરળ રીતે કાર્ય કરે છે, અને તેને સમજવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે સામાન્ય રીતે ૦ અને ૫૦૦ ની વચ્ચે માપવામાં આવે છે. AQI જેટલું ઊંચું હશે, વાયુ પ્રદૂષણનું સ્તર એટલું જ વધારે હશે. વધુમાં, સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ એટલું જ વધારે હશે. ઉદાહરણ તરીકે, ૫૦ નું AQI સ્તર સારી હવાની ગુણવત્તા દર્શાવે છે, જેની માનવ સ્વાસ્થ્ય પર કોઈ હાનિકારક અસર થતી નથી. દરમિયાન, ૩૦૦ નું સ્તર અત્યંત ખતરનાક છે, જે સંભવિત રીતે ગંભીર સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે.

### છેલ્લા એક સપ્તાહમાં રાજકોટનો એર ક્વોલીટી ઈન્ડેક્સ સરેરાશ ૧૫૦ને પાર

હાલ જે રીતે હવાની ગુણવત્તામાં ઘટાડો જોવા મળી રહ્યો છે તેનાથી માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ ચિંતિત છે ત્યારે રાજકોટ શહેરની જો વાત કરવામાં આવે તો એક સપ્તાહમાં રાજકોટનો કોલેટી ઈન્ડેક્સ સરેરાશ ૧૫૦ ને પાર પહોંચ્યો છે

**૧ ડિસેમ્બર - ૧૮૬**
**૨ ડિસેમ્બર - ૧૯૧**
**૩ ડિસેમ્બર - ૧૭૦**
**૪ ડિસેમ્બર - ૧૬૧**
**૫ ડિસેમ્બર - ૧૬૪**
**૬ ડિસેમ્બર - ૧૬૪**
**૭ ડિસેમ્બર - ૧૭૫**




### ચાલુ વર્ષમાં એક પણ દિવસ AQI સારો ન મળ્યો જોવા

હાલ હવામાન વિભાગની સાથો સાથ અનેકવિધ સંસ્થાઓ એર ક્વોલીટી ઈન્ડેક્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બેઠી છે ત્યારે રાજકોટની જો વાત કરવામાં આવે તો ચાલુ વર્ષ દરમિયાન એક પણ દિવસ એવો ન હતો કે જેમાં રાજકોટનું એકયુઆઈ સારુ કહેવાય. મળતી માહિતી મુજબ વર્ષના ૩૯ દિવસ અનહેલ્ધી જોવા મળ્યું, આઠ દિવસ અત્યંત ખરાબ પરિસ્થિતિ રહી, હવાની ગુણવત્તાની દ્રષ્ટિએ ૧૫૪ દિવસ ખરાબ રહ્યા, જ્યારે ૧૩૮ દિવસ મોડરેટ રહ્યા.

### AQI સુધારવા શું કરવું જોઈએ

AQI સુધારવા માટે વાયુ પ્રદૂષણ ઘટાડવાના પગલાં લેવા, વ્યક્તિગત રીતે હવા શુદ્ધ રાખવી અને શ્વસન સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે, જેમ કે વાહનનો ઉપયોગ ઘટાડવો, ઈલેક્ટ્રિક વાહનો વાપરવા, વૃક્ષો વાવવા, ઘરમાં એર પ્યુરિફાયર વાપરવું અને માસ્ક પહેરવું; જ્યારે આરોગ્ય માટે, વિટામિન A, C, E, ઓમેગા-૩, ઝીંક યુક્ત ખોરાક ખાવો અને પૂરતું પાણી પીવું, કારણ કે આ વસ્તુઓ આંખો અને શ્વસનતંત્રને હવાના પ્રદૂષણથી થતા નુકસાન સામે રક્ષણ આપે છે.

### કચરાનું સંચાલન કરો –

ખોરાક અને બગીચાની વસ્તુઓનું ખાતર બનાવીને, જો ઉપલબ્ધ હોય તો બિન-કાર્બનિક કચરાનું રિસાયક્લિંગ કરીને, કરિયાણાની થેલીઓનો ફરીથી ઉપયોગ કરીને અને સ્થાનિક સંગ્રહ દ્વારા બાકીના કચરાનો નિકાલ કરીને તમારા કચરામાંથી ઉત્સર્જન ઓછું કરો. કચરો ક્યારેય બાળશો નહીં કારણ કે આ સીધા વાયુ પ્રદૂષણમાં ફાળો આપે છે.

